**આજનો સુવિચાર**

સપના એ નથી કે જે ઊંઘમાં દેખાય છે, સપના એ છે જે તમને ઊંઘવા ન દે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૮૩ જૂનાગઢ તા.૨૦-૦૩-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 83, Junagadh : Date : 20 March, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ૨૧ રાજયોની લોકસભાની ૧૦૨ બેઠકો માટે જાહેરનામુ પ્રસિધ્ધ

## આજથી ઉમેદવારી પત્ર ભરવાની કાર્યવાહી શરૂ : ૨૭ માર્ચ સુધી ચાલશે : ૨૮ માર્ચે ચકાસણી : ૧૯ એપ્રિલે મતદાન



(દિલ્હી બ્યુરો)
નવી દિલ્હી, તા.૨૦
લોકસભા ચૂંટણી ૨૦૨૪નું બ્યુગલ વાગી ગયું છે. પ્રથમ તબક્કાની ૧૦૨ લોકસભા બેઠકો માટે આજે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ સહિત ૨૧ રાજ્યોમાંથી ૧૦૨ લોકસભા બેઠકો માટે ઉમેદવારો આજથી ઉમેદવારી નોંધાવી શકશે. ઉત્તર-પૂર્વના છ રાજ્યો જેમાં લોકસભાની ૯ બેઠકો છે. પ્રથમ તબક્કામાં દક્ષિણ ભારતમાં તમિલનાડુની તમામ ૩૯ બેઠકો અને લક્ષદ્વીપની એક લોકસભા બેઠક પર સંપૂર્ણ રીતે ચૂંટણી થશે. પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાન યોજાશે. ચૂંટણી પંચે લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તારીખોની જાહેરાત કરી દીધી છે. સમગ્ર ચૂંટણી ૭ તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થશે. બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે, ત્રીજો તબક્કો ૭ મે, ચોથો તબક્કો ૧૩ મે, પાંચમો તબક્કો ૨૦ મે, છઠ્ઠો તબક્કો ૨૫ મે અને સાતમો તબક્કો ૧ જૂને યોજાશે. જ્યારે ચૂંટણીના પરિણામો ૪ જૂન, ૨૦૨૪ના રોજ આવશે. આ સંદર્ભે, આજે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું બહાર પાડવામાં આવશે. આ તબક્કામાં ૧૭ રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે.

આ સાથે જ જે રાજ્યોમાં પ્રથમ તબક્કામાં મતદાન થવાનું છે ત્યાંની લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામાંકન ભરવાની પ્રક્રિયા પણ શરૂ થશે. પ્રથમ તબક્કા માટે ૨૭ માર્ચ ૨૦૨૪ સુધી નામાંકન દાખલ કરી શકાશે. ૨૮મી માર્ચે નામાંકનપત્રોની ચકાસણી થશે અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૩૦મી માર્ચ છે.

જો કે, બિહારમાં પ્રથમ તબક્કામાં જે લોકસભા બેઠકો માટે મતદાન થવાનું છે, તે માટે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ તહેવારને કારણે લંબાવીને ૨૮ માર્ચ કરવામાં આવી છે. બિહારમાં લોકસભાની ૪૦માંથી ૪ બેઠકો પર પ્રથમ તબક્કામાં મતદાન થશે. ૨૮ માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. બિહાર માટે આ તારીખ ૩૦ માર્ચ છે. નામાંકન પરત ખેંચવાની છેલ્લી તારીખ ૩૦ માર્ચ છે, જ્યારે બિહારમાં પ્રથમ તબક્કાની ચાર બેઠકો માટે નામાંકન પરત ખેંચવાની પ્રક્રિયા તા. ૨ એપ્રિલ સુધી ચાલુ રહેશે.

ઉલ્લેખનીય છે કે પ્રથમ તબક્કામાં તમિલનાડુની ૨૯, રાજસ્થાનની ૧૨, ઉત્તર પ્રદેશની ૮, મધ્યપ્રદેશની ૬, ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની ૫, બિહારની ૪, પશ્ચિમ બંગાળની ૩, અરુણાચલ પ્રદેશની ૨, મણિપુર, મેઘાલય અને છત્તીસગઢ, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા, આંદામાન અને નિકોબાર ટાપુઓ, જમ્મુ અને કાશ્મીર, લક્ષદ્વીપ અને પુડુચેરીમાં ૧ બેઠક પર મતદાન થશે.

# મોરબી નજીક લાલપુર સ્થિત ગોડાઉનમાંથી રૂા. ૧ કરોડનો દારૂ ઝડપાયો

## સ્ટેટ મોનીટરીંગ સેલે સપાટો બોલાવ્યો : ચૂંટણી યોજાય તે પહેલા દારૂનો સ્ટોક કરવામાં આવ્યો હતો !



મોરબી તા. ૨૦ : મોરબી પંથકના લાલપુર ગામ ખાતે ગાંધીનગરથી સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ચોક્કસ બાતમી આધારે દરોડો પાડી ગોડાઉનમાંથી અંદાજે ૧ કરોડનાં દારૂ સાથે બે ટ્રક, ૩ બુલેરો, હોન્ડા સિટી સહિત કરોડોનાં મુદ્દામાલ સાથે ૧૦ લોકોને ઝડપી લેતા ભારે ખળભળાટ મચી ગયો છે. રાજયના મુખ્ય પોલીસ વડા વિકાસ સહાયનાં માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં અસામાજિક પ્રવૃત્તિઓ સામે જંગે ચઢેલા એસપી નિર્લિપ્ત રાય ટીમના ડીવાયએસપી કે. ટી. કામ રિયાના નેતૃત્વ હેઠળ પીએસઆઈ જાડેજા ટીમે મોટો સફળતા મળી છે.

દારૂનું ગોડાઉન ૭ માસથી ભાડે રાખી ચાલતું હોવાનું ફલિત થતાં આ બાબતની વિસ્તૃત તપાસ કરી રીપોર્ટ કરવા એસપી નિર્લિપ્ત રાયનાં સૂચનથી મોરબી આવવા રવાના થયેલ ડીવાયએસપી કે ટી. કામરિયાએ જણાવેલ કે અમદાવાદના ગોમતીપુરમાં રહેતા જીમીત શંકરલાલ પટેલ દ્વારા રાજસ્થાનના ભરત મારવાડીને સાથે રાખી દારૂનો ધંધો ૭ માસથી શરૂ કરેલ તેવી માહિતી મળતાં આ બાબતે ચકાસણી કરતા આ હકીકત ખરી હોવાનું બહાર આવેલ. રાજયના મુખ્ય પોલીસ વડા વિકાસ સહાય અને એસપી નિર્લિપ્ત રાય વિગેરેનું માર્ગદર્શન મેળવી આખી રણનીતિ ત્યાર કરી ગાંધીનગરથી સ્ટેટ મોનિટરીંગ સેલની બે ટીમ જેમાં પીએસઆઈ જાડેજા વિગેરેએ કાર્યવાહી કરી હતી. આ ગોડાઉન રાજુ સહિતના શખ્સો ચલાવતા હતા, સ્થળ પરથી બે ટ્રક, ૩ બોલેરો, હોન્ડા સિટી વિગેરે કરોડોનાં મુદ્દામાલ મળતા આ મોટું નેટવર્ક હોવાનું પ્રાથમિક રીતે લાગતા એસપી નિર્લિપ્ત રાય દ્વારા સમગ્ર પ્રકરણની સર્વાંગી તપાસ થાય તે માટે મોરબી પહોંચી ગયા છે.

મુખ્ય સૂત્રધાર જીમિત પટેલ અને રાજસ્થાનનો ભરત મારવાડી વોન્ટેડ છે, જેમને ઝડપવા માટે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ખાસ ટીમોને જવાબદારી સુપ્રત થયેલ છે, તપાસનો અહેવાલ સ્ટેટ મોનીટરીંગ સેલ એસપી નિર્લિપત રાયનાં માર્ગદર્શન હેઠળ ડીજીપીને સુપ્રત કરવામાં આવશે.

# પેઈડ ન્યુઝ પર ચૂંટણીપંચ ચાંપતી નજર રાખશે




નવી દિલ્હી તા.૨૦
લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ચૂંટણી પંચે તમામ તૈયારીઓ કરી લીધી છે. આ વખતે આયોગ પેઈડ ન્યૂઝ પર ખાસ નજર રાખશે જેથી કોઈની તરફેણ ન થાય. નોમિનેશનના દિવસથી, જિલ્લા અને રાજ્ય સ્તરીય સમિતિ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં આવતી જાહેરાતોની નોંધ લેશે. MCMC તરફથી પેઈડ ન્યૂઝની માહિતી મળતાની સાથે જ રિટર્નિંગ ઓફિસર ઉમેદવારને ૯૬ કલાકની અંદર નોટિસ આપશે.

ચૂંટણી પંચે શાંતિપૂર્ણ અને ન્યાયી મતદાન કરાવવા તેમજ તમામ રાજકીય પક્ષોને સમાન તકો પૂરી પાડવા માટે તૈયારી કરી છે. કોઈના પ્રત્યે પક્ષપાત ન થાય તે માટે પંચ પેઈડ ન્યૂઝ પર ખાસ નજર રાખશે. નોમિનેશનના દિવસથી, જિલ્લા અને રાજ્ય સ્તરીય સમિતિ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં આવતી જાહેરાતોની નોંધ લેશે.

સાથે જ ચૂંટણી પંચ પણ મતદાનની ટકાવારી વધારવા પર પૂરો જોર લગાવી રહ્યું છે. તેના માટે કમિશન એ સુનિશ્ચિત કરશે કે વોટર સ્લિપ મતદાનના પાંચ દિવસ પહેલા ઘર સુધી પહોંચે. મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ મંગળવારે મીડિયાના પ્રતિનિધિઓ સાથેની વાતચીતમાં પેઈડ ન્યૂઝ, ફેક ન્યૂઝ, ઓપિનિયન પોલ અને એક્ઝિટ પોલ વિશે વિગતવાર માહિતી આપી હતી

રાજકીય પક્ષ, ઉમેદવાર, સંસ્થા અથવા વ્યક્તિ દ્વારા પ્રિંટ મીડિયામાં પ્રસિદ્ધ કરાયેલી જાહેરાતો મતદાનના દિવસે અને તેના એક દિવસ પહેલા મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટી દ્વારા પ્રમાણિત કરવી ફરજિયાત છે. આવી જાહેરાતોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉમેરવામાં આવશે. નોમિનેશનના દિવસથી પેઈડ ન્યૂઝના કેસોને ધ્યાનમાં લેવામાં આવશે.

### કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટ સમક્ષ થયેલી રીટમાં જવાબ રજુ કર્યો

# રોહિંગ્યા શરણાર્થીઓને ભારતમાં વસવાટ કરવાનો અધિકાર નહી અપાય

નવી દિલ્હી તા.૨૦
દેશમાં સીએએના વિવાદ ચાલુ છે તે સમયે કેન્દ્ર સરકારે જાહેર કર્યુ છે કે મ્યાનમારમાંથી ભારતમાં ઘુસેલા રોહિંગ્યા શરણાર્થીઓને ભારતમાં કાયમી રીતે રહેવાની મંજુરી અપાશે નહી.

જો કે સરકારે અન્ય રજુઆતમાં સીએએ વિવાદમાં આકરુ વલણ અપનાવતા કહ્યું કે, ભારતમાં જેઓ શરણાર્થી તરીકે દાખલ થયા છે તે અંગેની સરકારની પોલીસી, નીતિ અને સંસદના જે ધારાકીય અધિકારો છે તેમાં સુપ્રીમ કોર્ટ કોઈ દરમ્યાનગીરી કરી શકે નહી. અગાઉના સર્વોચ્ચ અદાલતના જ અનેક ચુકાદાઓને ટાંકીને સરકારે સર્વોચ્ચ અદાલતમાં રજુઆત કરતા જણાવ્યું કે, બંધારણની કલમ ૨૧ મુજબ વિદેશીઓને ભારતમાં જીવન અને સ્વતંત્રતાનો અધિકાર અપાયો છે. પરંતુ તમામને આ દેશમાં રહેવાનો કે સેટલ થવાનો અધિકાર અપાયો નથી.

આ પ્રકારના હકક ફકત ભારતીયને જ છે અને ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘના શરણાર્થી અંગેના કરારને સ્વીકાર્યા નથી. જેથી રોહિંગ્યાને આ કરાર હેઠળ ભારતમાં રહેવાનો હકક માંગી શકે નહી. સરકારે દેશમાં ઘુસેલા રોહિંગ્યા શરણાર્થીઓને કેમ્પમાં રાખ્યા છે. તેઓને મુક્ત કરવાની અરજી પર વિરોધ કરતા સરકારે આ વલણ અપનાવ્યું હતું.

# શરદ પવાર જૂથને નવા ચૂંટણી ચિહન સાથે માન્યતા આપવા સુપ્રિમ કોર્ટનો આદેશ



નવી દિલ્હી તા.૨૦ : સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અજિત પવાર જૂથને કેટલીક શરતો શરદ પવાર વિ અજિત અનંતરાવ પવાર અને અન્ય સાથે, આગામી સંસદીય અને મહારાષ્ટ્ર રાજ્યની ચૂંટણીઓ માટે પક્ષના ઘડિયાળના પ્રતીકનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી. અદાલતે ભારતના ચૂંટણી પંચને આગામી સંસદીય અને રાજ્યની ચૂંટણી લડવાના હેતુથી NCPના શરદ પવાર જૂથને રાજકીય પક્ષ તરીકે અસ્થાયી ધોરણે માન્યતા આપવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં એક વ્યક્તિ તુતારી (ટર્પેટ) વગાડતો હતો. જસ્ટિસ સૂર્યકાન્ત અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે કહ્યું કે અજિત પવાર જૂથ આ મામલે સર્વોચ્ચ અદાલતના અંતિમ નિર્ણયને આધિન જાહેર નોટિસ જારી કર્યા પછી ઘડિયાળના પ્રતીકનો ઉપયોગ કરી શકે છે. સુપ્રિમ કોર્ટે વધુમાં નિર્દેશ આપ્યો છે કે NCPના આ જૂથ દ્વારા જારી કરવામાં આવતી દરેક ટેમ્પલેટ જાહેરાત અને ઑડિયો અને વિડિયો ક્લિપ્સમાં આવા અસ્વીકરણનો સમાવેશ કરવામાં આવે.

# વિશ્વનાં સૌથી મોટા શીપ બ્રેકીંગ યાર્ડ અલંગમાં છેલ્લા એક દાયકાની કારમી મંદી : ભાવિ અંધકારમય

નવી દિલ્હી, તા.૨૦: ભાવનગરના અલંગમાં વિશ્વની સૌથી મોટી જહાજ રિસાયકલિંગ સુવિધા લગભગ એક દાયકામાં તેની સૌથી ખરાબ મંદીનો સામનો કરી રહી છે. લાલ સમુદ્રની કટોકટી અને ઊંચા નૂર દરો કે જે નીચે આવવાના કોઈ ચિો દેખાતા નથી, તેના કારણે શિપ રિસાયકલિંગ ઉદ્યોગ અંધકારમય ભવિષ્ય તરફ જોઈ રહ્યો છે.

અલંગમાં ઘણા શિપ રિસાયકલર્સ માનતા હતા કે ૨૦૨૨ તેમના માટે સૌથી ખરાબ વર્ષ હતું અને પાછલા વર્ષના ૨૦૫ થી ઘટીને ૧૪૧ પર પહોંચી ગયા હતા. પરંતુ ૨૦૨૩ વધુ ખરાબ સાબિત થયું હતું. જાન્યુ અને ડિસેમ્બર ૨૦૨૩ વચ્ચે અલંગમાં માત્ર ૧૩૬ જહાજો રિસાયકલિંગ માટે આવ્યા હતા. તેમ છતાં, તેમાં કોઈ સુધારો થયો નથી કારણ કે ૨૦૨૪ના પ્રથમ અઢી મહિનામાં (જાન્યુઆરીથી માર્ચ ૧૫) માત્ર ૨૫ જહાજો રિસાયકલિંગ માટે આવ્યા હતા, એમ અલંગના શિપ રિસાયકલિંગ એસોસિએશનના સચિવ હરેશ પરમારે જણાવ્યું હતું.

અહેવાલ જણાવે છે કે કુલ ૧૩૦માંથી માત્ર ૩૦ પ્લોટ હાલમાં કાર્યરત છે. છેલ્લા અઢી મહિનામાં, મજૂરોએ માત્ર ૧૫ દિવસ કામ કર્યુ છે. ૨૦૨૩માં અલંગમાં આવતા જહાજો એક દાયકામાં સૌથી ઓછા હતા, શિપ રિસાયકલિંગ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ માટે ઘણા પરિબળો જવાબદાર છે. કોવિડ પછીના સમયગાળામાં પણ નૂર દરે ઉપર તરફની મુસાફરી ચાલુ રાખી હતી. શિપ ઓપરેટરોને સારા નૂર દર મળતાં તેઓએ રિસાયકલિંગ માટે જહાજો મોકલવાનું બંધ કર્યું અથવા વિલંબ કર્યો છે. વધુમાં, લાલ સમુદ્રની કટોકટીએ પણ નૂર ચાર્જમાં અનેકગણો વધારો કર્યો છે

# અભિનેત્રી કંગના રનૌતને રાજકારણનો રંગ લાગ્યો

## હિમાચલની મંડી બેઠક પરથી ચૂંટણી લડે તેવી શકયતા

નવી દિલ્હી તા. ૨૦
કંગના રનૌતના રાજકારણમાં જોડાવાની અફવાઓ પહેલાથી જ ફેલાઈ રહી છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે અભિનેત્રી ભાજપની ટિકિટ પર લોકસભા ચૂંટણી લડી શકે છે. વાસ્તવમાં, આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તારીખોની જાહેરાત થઈ ગઈ છે અને તેની સાથે એવી ચર્ચા થઈ રહી છે કે ભાજપ હિમાચલની મંડી સીટ પરથી કંગનાને મેદાનમાં ઉતારી શકે છે. કંગનાએ પણ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આવી સ્થિતિમાં અભિનેત્રીને હિમાચલની મંડીથી ટિકિટની પ્રબળ દાવેદાર માનવામાં આવી રહી છે. અત્યાર સુધી ભાજપે હિમાચલ પ્રદેશની ચારમાંથી બે બેઠકો પર પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.. કાંગડા અને મંડી બે બેઠકો બાકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ મંડી બેઠક પરથી ઉમેદવારી માટે ઘણા નામો પર વિચાર કરી રહી છે, જેમાં કંગના રનૌતનું નામ પણ શામેલ છે.

# વિશ્વમાં સૌથી વધુ પસંદ કરાતી ૧૦ મીઠાઈઓમાં ભારતની રસમલાઈ બીજા ક્રમે

ન્યૂયોર્ક,તા. ૨૦: ભારતમાં મીઠાઈઓની વ્યાપક વિશેષતા જોવા મળે છે. દુનિયાની સૌથી વધુ પસંદ કરાતી ૧૦ મીઠાઈઓમાં ભારતની રસ મલાઇ બીજા ક્રમે આવી છે. જયારે પોલેન્ડની સેર્નિક મીઠાઈએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. પોલેન્ડની સેર્નિક દહી,પનીર,ઈંડા અને ખાંડમાંથી તૈયાર કરવામાં આવે છે. ગ્રીસની મલાઈદાર સ્થાનિક મીઠાઇ સફાકિયોનોપિટાને ત્રીજું સ્થાન મળ્યું છે. આ મીઠાઈને શહદ અને દાલચીની સાથે પીરસવામાં આવે છે. ટેસ્ટ એટલસના સર્વશ્રેષ્ઠ મિઠાઇ લિસ્ટમાં સ્વાદિષ્ટ વ્યંજન રસમલાઈના ખૂબ વખાણ કરવામાં આવ્યા છે.

# ક્રેડિટ કાર્ડનાં કારોબાર પર રીઝર્વ બેંકે બ્રેક મારી

નવી દિલ્હી,તા.૨૦
રીઝર્વ બેંકે ક્રેડીટ કાર્ડ ઉદ્યોગની તપાસ વધારી દીધી છે. રીઝર્વ બેંકે ગ્રાહકોના ડેટા શેર કરવાને લઈને ફેડરલ બેંક અને સાઉથ ઈન્ડીયન બેંકને નવા સહ બ્રાન્ડેડ ક્રેડીટ કાર્ડ ઈસ્યુ નહી કરવાનું કહ્યું છે.

રીઝર્વ બેંક અનુસાર બેંકોનો ક્રેડીટ કાર્ડમાં એકસપોઝર આક્રમક રીતે વધ્યો છે, જે જાન્યુઆરીથી બે વાર્ષિક સમયગાળામાં પ્રત્યેકમાં ૩૧ ટકા વધી ગયો છે. આ ૨૦૨૨-૨૩ના સમયગાળામાં ૯ રિટેલ લોન ક્ષેત્રમાં સૌથી વધુ અને ૨૦૨૩-૨૪ના સમયગાળામાં સૌથી વધુ હતો. વધતી જતી છેતરપીંડીથી રીઝર્વ બેંક પણ ચિંતીત છે.

૨૦૧૯ બાદથી બાકી ક્રેડીટ કાર્ડની સંખ્યા બે ગણીથી વધુ થઈ ગઈ છે. જયારે દર કાર્ડ સરેરાશ માસિક લેવડ દેવડની સંખ્યા જાન્યુઆરી ૨૦૧૯ અને જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન સ્થિર રહી છે. જાન્યુઆરી ૨૦૨૪માં દર કાર્ડે લગભગ ત્રણ લેવડ-દેવડ પર સરેરાશ મૂલ્ય ૪૭ ટકા વધી ગયુ છે.

# માથાની ઈજાનું સૌથી મોટું કારણ માર્ગ અકસ્માત : ૩૦ ટકા લોકો જીવ ગુમાવે છે


નવી દિલ્હી,તા.૨૦: માથામાં ઈજા માત્ર દિલ્હીમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં મૃત્યુની મોટી સમસ્યા છે. દિલ્હી-એનસીઆરની હોસ્પીટલોમાં દરરોજ માથામાં ઈજાના ૧૫૦થી ૨૦૦ કેસ નોંધાય છે. ૩૦ ટકા મૃત્યુ પામે છે અને ૬૦ ટકા સાજા થયા પછી પણ સંપૂર્ણપણે સામાન્ય થતા નથી. તેમને અમુક પ્રકારની વિકલાંગતા છે. માત્ર ૧૦ ટકા જ સાજા થાય છે. નિષ્ણાતોનું માનવું છે કે તેનું મુખ્ય કારણ જાગૃતિનો અભાવ છે. તેથી, નિષ્ણાતો CBSE અભ્યાસક્રમમાં માથાની ઈજા પર એક ચેપ્ટર રાખવાની માગણી કરી રહ્યા છે, જેથી શાળાના બાળકોને તેની જાણ થાય અને આ જીવલેણ સમસ્યાથી બચી શકાય.

જેમને માથામાં ગંભીર ઈજા થઈ છે. મગજની ગંભીર ઈજામાં ૩૦ ટકા મૃત્યુ પામે છે. જે ૭૦% બચી જાય છે તેમાંથી ૬૦% લોકોના જીવનની ગુણવત્તા ખૂબ જ ખરાબ થઈ જાય છે. માત્ર ૧૦ ટકા જ સંપૂર્ણ સ્વસ્થ થઈને તેમના જીવનમાં પાછા ફરવા સક્ષમ છે. ઘણા લોકોમાં શરીરની એક બાજુ એટલી નબળી પડી જાય છે કે તેઓ સામાન્ય રીતે ચાલી પણ શકતા નથી. તેને સમયાંતરે હુમલા આવે છે.


**ગ્રેજ્યુએટ સ્ટાફની જરૂર છે**
**ઓફિસ વર્ક માટે**
**ઓન્લી બોયઝ**
જૂનાગઢમાં રહેતા વ્યકિતઓએ જ સંપર્ક કરવો
મોતીબાગ પાસે, જૂનાગઢ.
સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી
૯૮૨૫૮ ૧૫૭૯૬

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા**
**નીલ એન્ટરપ્રાઈઝ**
**જૂનાગઢ**

**હાર્દિક શુભેચ્છા...**
**ધ્યેય સાયન્સ સેન્ટર**
એક ડગલું આગળ
: કાર્યક્ષેત્ર :
ધો. ૮ થી ૧૦ તથા ૧૧-૧૨ (સાયન્સ/કોમર્સ)
B.Com., B.B.A. (Eng. Medium)
ત્રીજો માળ, સાનિધ્ય કોમ્પ્લેક્ષ,
બેંક ઓફ ઈન્ડીયાની ઉપર જોષીપરા,
જૂનાગઢ. ફોન : ૦૨૮૫- ૨૬૧૦૦૨૬
વઘાસીયા સર : મો. ૯૯૦૪૧ ૨૦૨૪૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ

# સમગ્ર વિશ્વમાં ઉત્સવોના દેશ તરીકે ઓળખાતા ભારત દેશમાં ચૂંટણી પ્રક્રિયા છે મહાઉત્સવ

## લોકસભા ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને સમગ્ર જૂનાગઢ જીલ્લામાં આદર્શ આચાર સંહિતાની ચુસ્તપણે અમલવારી શરૂ



જૂનાગઢ, તા. ૨૦

ચૂંટણી એટલે લોકશાહીનું પર્વ. સમગ્ર વિશ્વમાં સૌથી વધારે મહત્વની બાબત જો કોઈ ગણાતી હોય તો એ છે ચૂંટણી. સમગ્ર વિશ્વમાં ઉત્સવોના દેશ તરીકે ઓળખાતા ભારત દેશમાં ચૂંટણી પ્રક્રિયાને પણ ઉત્સવ રૂપે જ ઉજવવામાં આવે છે. આ ઉત્સવમાં મતદાન કરી સહભાગી થવું એ પણ એક લ્હાવો છે. એમાંય પહેલી વખત મતદાન કરનાર માટે આ અવસર જીવનભરનું યાદગાર સંભારણું બની રહે છે. જૂનાગઢ જિલ્લાનાં ૮૫-માણાવદર વિધાનસભા મતદાર વિભાગમાં સામાવિષ્ટ માણાવદર તાલુકામાં વોકેથોન / જાહેર રેલીનું આયોજન કરવામાં આવેલ હતુ જે અન્વયે SVEEP નોડલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, મામલતદાર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા વિદ્યાર્થીઓની વોકેથોન, જાહેર રેલી મામલતદાર કચેરી માણાવદર ખાતેથી પ્રસ્થાન થઈ હતી. જે રેલી પોલીસ સ્ટેશન તથા બહારપરા વિસ્તાર તથા સીનેમા ચોક થઈ માણાવદરનાં રાજમાર્ગો પર પસાર થઈને મામલતદાર કચેરી ખાતે પરત આવેલ હતી. મતદાન જાગૃતિ માટે સ્વીપ એક્ટિવીટી અન્વયે માણાવદરમાં નાગરિકોને લોકશાહીના પર્વમાં મતદાન કરીને ઉત્સાહપૂર્વક જોડાવાની અપીલ કરતા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જણાવાયું હતું કે, મતદાનનો અધિકાર પવિત્ર અધિકાર છે ત્યારે લોકશાહીને મજબૂત કરવા દરેક નાગરિકે મતદાન કરવું જોઈએ. તેમજ મતદાન જાગૃતિ માટે સ્વિપ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર જૂનાગઢના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યા છે. લોકસભા સામાન્ય ચૂંટણી અને માણાવદર વિધાનસભાની પેટા ચુંટણી દરમ્યાન તમામ યુવા મતદાર મતદાન કરે, મહિલાઓને મતદાન માટે જાગૃતિ આપે અને દેશ માટે સહ પરિવાર મતદાન કરે તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો.આ સાથે શાળાના બાળકોને આજના ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા ચૂંટણીકાર્ડ, મતદાર બુથ કેવી રીતે જાણી શકાય તે માટે માહિતીગાર કરવામાં આવ્યા હતા. માણાવદર વિધાનસભા ક્ષેત્રમાં આગામી યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પેટા ચૂંટણીમાં મતદારો સૌ અવશ્ય મતદાન કરે અને દસ મિનિટ દેશ માટે આપે તે અંગે સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી.તમામ બાળકોએ હું મતદાન કરીશ અને મારા પરિવારને મતદાન કરાવીશ તે અંગે જાગૃતિ વોકેથોનમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ દર્શાવ્યો હતો.

# જૂનાગઢ જીલ્લામાં પરવાનાવાળા હથિયારો જમા કરાવવાની કાર્યવાહી શરૂ કરાઈ

### તા. ૧૭ સુધીમાં ૩૬૨ હથિયાર જમા કરાયા : જૂનાગઢ જિલ્લામાં રક્ષણના તમામ પરવાનેદારે તેમના હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા આદેશ

જૂનાગઢ, તા.૨૦

ભારતના ચુંટણી પંચ તરફથી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ તથા વિધાનસભા પેટા ચુંટણી માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં ચૂંટણી તા.૭/૫/૨૦૨૪ ના રોજ યોજાનાર છે. જેની મતગણતરી તા.૪/૬/૨૦૨૪ ના રોજ થનાર છે.જે અન્વયે જૂનાગઢ જિલ્લામાં પરવાનાવાળા હથિયારો જમા કરાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જૂનાગઢ જિલ્લામાં તા. ૧૭ સુધીમાં ૩૬૨ હથિયારો જમા થયા છે.

જૂનાગઢ જિલ્લામાં યોજાનારી ઉપરોક્ત ચૂંટણી દરમ્યાન જાહેર સલામતી જોખમાય નહીં તેમજ ચુંટણી મુકત અને અન્યાયી વાતાવરણમાં યોજાઈ અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર જિલ્લામાં આવેલ તમામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પાક રક્ષણ તેમજ સ્વરક્ષણના પરવાના તળેના હથિયારો સંબંધ કરતાં પરવાનેદાર પાસેથી મેળવી જમા લેવા શાસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ ની કલમ – ૨૨ (૧) (બી)ની જોગવાઈ હેઠળ જૂનાગઢ જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલકુમાર રાણાવસિયા દ્વારા હુકમ કરવામાં આવેલ છે. આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત અને સુરક્ષિત રીતે રાખવાના રહેશે. જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે. ચૂંટણીનું પરિણામ જાહેર થયાના એક અઠવાડિયા બાદ સંબંધિત પરવાનેદારને તેનું હથિયાર પરત સોંપવાનું રહેશે.

# દિવ્યાંગ મતદારો માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ જિલ્લામાં આગામી ૭મી મે-૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. આગામી લોકસભા ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો ૧૦૦% મતદાન કરે તે હેતુ થી દિવ્યાંગ મતદારોને મતદાન બાબતની કોઈ પણ પ્રકારની માહિતી મેળવવા તેમજ પ્રશ્નોના નિવારણ માટે પીડબલ્યુડી નોડલ-વ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવેલ છે.

જૂનાગઢ જિલ્લાના દિવ્યાંગ મતદારોને અનુરોધ કરવામાં આવે છે કે મતદાન બાબતે કોઈ પણ પ્રકારની મુશ્કેલી જણાઈ તો પીડબલ્યુડી નોડલ અધિકારી-વ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જૂનાગઢનો સંપર્ક કરવા હેલ્પલાઈન નંબર - (૦૨૮૫) ૨૬૩૬૫૪૬ પર કચેરીના સમય દરમ્યાન સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# કવિશ્રી શ્યામ સાધુના જીવન-કવન વિશે વકતવ્ય કાવ્યપાઠ અને ગઝલ ગાનનો અનૂઠો કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૨૦

વસ્ત્ર ભીનાં હો, નિતારી
નાખીએ
પણ ઉદાસી કયાં ઉતારી
નાખીએ...

આગામી તા. ૨૩/૦૩/૨૦૨૪, શનિવારે રાત્રે ૦૮-૩૦ કલાકથી જૂનાગઢ સ્થિત શ્રી લોઢીયાવાડીનાં વાતાનુકુલિત સભાખંડમાં ગુજરાતનાં નામાંકિત કવિ શ્રી શ્યામ સાધુની સ્મૃતિ વંદના અંતર્ગત તેઓનાં જીવન કવનને વાગોળવાનો કાર્યક્રમ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી —ગાંધીનગર અને સપ્તક કલા સંસ્થા - જૂનાગઢ દ્વારા યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં તેઓશ્રીનાં જીવન-કવનને વાગોળવા સાથે તેમની રચનાઓનું પઠન અને ગઝલ ગાન થશે.

કવિશ્રી શ્યામ સાધુનાં જીવન કવન વિશે કવિ પ્રો. રમેશ મહેતા વકતવ્ય આપશે. તેમજ કવિ સંમેલનનું સંચાલન કવિશ્રી મહેન્દ્રસિંહ પઢીયાર ‘મરમી’ દ્વારા થશે જેમાં કવિ રમેશ મહેતા, પ્રો. જયંત કોરડીયા, રાજેન્દ્ર ભટ્ટ, કમલેશ જેઠવા, અનિલ સવસાણી કાવ્યપાઠ કરશે.

કવિશ્રી શ્યામ સાધુની ગઝલોનું ગાન જાણીતા કલાકારો વિપુલ ત્રિવેદી, પિયુષ દવે, નીરૂ દવે, ખુશાલી બક્ષી, દર્પિત દવે અને સમુહ પ્રસ્તુતિ ધ્વનિત ત્રિવેદી, મર્મજ્ઞા ખારોડ, લબ્ધિ ભટ્ટ, અવધ પટેલ અને પાર્થ હિંડોચા કરશે. આ કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદ્દ્ઘોષક રાજુ ભટ્ટ દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને સપ્તક કલા સંસ્થા-જૂનાગઢ દ્વારા કાવ્ય અને સંગીત રસીક કલાપ્રેમી નગરજનોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### આજે ૨૦ માર્ચ વિશ્વ ચકલી દિવસ

# સોમનાથના દેદા ગામ અશ્વીનભાઈની દુકાન એટલે ચકલીઓની કલબલ, ચીચીયારી, કલરવ

### પરીશ્રમ પાન -કોલ્ડ્રીંગ દુકાન ચકલીઓ માટે બન્યું આવાસ કોલોની -ઘર-પિયર-તિર્થ

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૦

ગીર સોમનાથના વેરાવળ તાલુકાના દેદા ગામના યુવા વેપારી અશ્વીન બારડનું પરીશ્રમ પાનઘર એટલે જાણે ચકલીઓનું વસાહત કે કોલોની આજે ૨૦ માર્ચે સમગ્ર વિશ્વ ચકલી દિવસ ઉજવી રહ્યું છે જેની શરૂઆત આજથી ૧૪ વરસ પૂર્વે ૨૦ માર્ચ ૨૦૧૦ના રોજ થયેલી જે નેચર ફોરેવર સોસાયટીના પર્યાવરણવાદી અને પક્ષીપ્રેમી મહંમદ દિલાવરે તે દિવસને વિશ્વ ચકલી દિવસ તરીકે જાહેર કર્યો. દેદાના અશ્વીન બારડ પરીશ્રમ પાન પ્રોવીઝન દુકાનમાં દુકાનના છાપરાની હુંકમાં ઠેર ઠેર ચકલીઓને રહેવા, ઉછેરવા માટે માળાઓ ટીંગાડેલા છે.

અંદાજે ૫૦ થી ૬૦ માળાઓ અને જેમાં ૧૦૦થી વધારે ચકલીઓના પરીવારો વસે છે. દુકાનની પરસાળના છાપરામાં પુંઠાના તૈયાર માળાઓ લગાડી અને થોડે અંતરે દાણા ચણવા માટે પ્લાસ્ટીકની પ્લેટ તથા પીવાના પાણી માટે પ્લાસ્ટીકની કુંડીઓ પણ લગાડેલ છે તેને તેઓ નિયમીત રીતે ચોખા બાજરો આપતા રહે છે. આ ચકલીઓ કયારેક કયારેક તો દુકાનના પાનના થડામાં રાખેલ પાન કુંડીમાં પણ પાણી પીવા



આવે છે. ચકલીઓ સવાર સાંજ આજુબાજુના વિસ્તારોમાં પણ જાય છે પરંતુ થોડી થોડી વારે પાછી દુકાનમાં આવી જાય છે.

ચકલીઓની ચીચીયારી, કલબલાટ તથા કુદતી ઠેકતી ચલકીઓ હવે આજના યુગમાં લુપ્તતાને આરે છે. ચકલી કદી ઉંચા વૃક્ષ ઉપર માળો બાંધતી નથી. અગાઉના સમયમાં વડીલો તેમના બાળકોને ચકી-ચકાની વારતા કરતા તો શાળામાં બાળકોને ચકીબાઈ ચકીબાઈ મારે આંગણે આવશો કે નહીં ? તેવું મીઠું ગીત શાળાના બાળકો સમુહમાં ગાતા તો હિન્દી ફિલ્મમાં ચુન ચુન કરતી આઈ ચીડીયા ફિલ્મી ગીત ગીત રસીયાઓને આજે પણ મોઢે છે. આજના હરણફાળ યુગમાં નળીયાવાળા ઘરો નથી, આલીશાન મકાનોમાં લટકતી ફ્રેમ સાથેના પૂર્વજોના કે ધાર્મિક ફોટાઓ નથી કે જે ફોટા પાછળ ચકલીઓ માળા બાંધતી, દિવસભર ઉડી ઉડીને આ માળાઓમાં ચકલીઓ પોતાના બચ્ચાઓને ચાંચથી પાણી પાતી, દાણા ખવડાવતી સુંદર દ્રશ્ય ખડું કરે છે. બહારથી સુતળીના કટકા, તણખલા, ચીંથરા લાવી માળામાં ઈજનેર અદાથી ઘર સજાવે છે.

# જૂનાગઢ જીલ્લામાં ચુંટણી સંદર્ભે હથિયારબંધીનું જાહેરનામુ

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ જિલ્લામાં યોજાનાર લોકસભાની સામાન્ય ચુંટણી ન્યાયી વાતાવરણમાં યોજાય, આદર્શ આચાર સંહિતાનો અમલ થાય, જિલ્લામાં તમામ ક્ષેત્રે કાયદો અને વ્યાવસ્થા જળવાય રહે તેમજ ચુંટણી પ્રક્રિયા શાંતીમય વાતાવરણમાં સંપન્નં થાય તે હેતુથી તાત્કાલીક અસરથી સમગ્ર જિલ્લામાં જિલ્લા મેજસ્ટ્રેટ અનિલ રાણાવસિયા એ તેમને મળેલ સતાની રૂએ પ્રતિબંધાત્મજક આદેશ જારી કરેલ છે. જે અંતર્ગત કોઈપણ ઈસમે પોતાના પરવાના વાળા હથિયાર સાથે લઈને બહાર નિકળવું કે ફરવું નહીં. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુએ, લાઠી, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો સાથે લઈ ઘર બહાર નીકળવું ફરવું નહીં. આ આદેશ સરકારી ફરજમાં હોય,તથા ફરજ ઉપર રોકાયેલ પોલીસ અધિકારી, કર્મચારીઓએ કે જેઓના ફરજનાં ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવનાગી આપવામાં આવી હોય તેવી વ્યકિત, શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિત, રાષ્ટ્રિ યકૃત બેંકોી કે તેઓને તે બેન્કની કેશ કરન્સીફ લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજનાં ભાગરૂપે બેન્કનાં હથિયાર પરવાનાં વાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આવેલ હોય તે વ્યકિતને આ હુકમ લાગુ પડશે નહિં. ઉપર્યુકત જોગવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે. અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦ દંડ અથવા બન્ને સજા થઈ શકે છે. આ હુકમ સમગ્ર જિલ્લાના વિસ્તારમાં તાત્કાલીક અસર થી અમલમાં આવશે અને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી અમલમાં રહેશે.

# દ્વારકાધીશ સાથે ફૂલડોલ ઉત્સવ ઉજવવા પદયાત્રીઓનો પ્રવાહ સેવા કેમ્પો ધમધમ્યા

### જય દ્વારકાધીશ, જય રણછોડના નારા અને કૃષ્ણ,ગોપીના ગીતોના ગુંજન સાથે હજારો લોકો પગપાળા આવી રહ્યા છે



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૦

યાત્રાધામ દ્વારકામાં દર વર્ષની જેમ હૂતાશણી પર્વે ફૂલડોલ ઉત્સવ દ્વારકાધીશ જગતમંદિરમાં પરંપરાગત રીતે ઉજવવામાં આવનાર છે, ત્યારે કચ્છ, ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાંથી પગપાળા સંઘ અલગ અલગ જૂથોમાં દ્વારકા તરફ રવાના થઈ રહ્યા છે અને જામનગરની ભાગોળેથી પસાર થઈ રહ્યા છે. જેની સંખ્યામાં આગામી દિવસો દરમ્યાન સતત વધારો થતો જોવા મળશે. દ્વારકા તરફ આવતા તમામ ધોરી માર્ગો પર સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા ઠેરઠેર સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યાત્રિકો માટે આરામ, ભોજન, નાસ્તા, સરબત-પાણી તેમજ મેડિકલ સહાય તથા મસાજ જેવી સુવિધાઓ કરવામાં આવી છે. ગુજરાતના ગામેગામ ઉપરાંત પડોશી રાજયોમાંથી પણ પગપાળા યાત્રીસંઘો દ્વારકા તરફ છેલ્લા એકાદ મહિનાથી નીકળ્યા છે અને ‘જય રણછોડ’ ‘જય દ્વારકાધીશ’ ‘નંદભયો’ ઉપરાંત કૃષ્ણ ગીતો, ગોપીગીતો પણ ગુંજી રહ્યા છે, રાજકોટ, જામનગર, કાલાવડ વિવિધ સ્થળેથી દ્વારકા તરફ જતા તમામ માર્ગો પર પદયાત્રીઓનો પ્રવાહ જોવા મળી રહ્યો છે, આ પદયાત્રાઓની સેવા માટે જામનગરની ભાગોળે પણ સેવાભાવી લોકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, મિત્રવર્તુળો, સંગઠનો, ભકતમંડળો, ગરબીમંડળો અને સંલગ્ન ગ્રામજનો તેમજ શહેરીજનો દ્વારા ઠેર-ઠેર વ્યવસ્થા થઈ છે.

# દ્વારકા : મહિલાકર્મીની છેડતી કરનાર એસ.ટીના

[redacted]




આ વેલણ લઈને ફરવાનું રહેવા દે, હથીયાર બંધી ધારા હેઠળ તારી ધરપકડ થઈ જશે!




મારી સામે ભાષણ કરવાનું રહેવા દો, હું આમેય તમને મત નથી આપવાની !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વરિષ્ઠ નાગરિકોના હકમાં નિર્ણય

દેશના વરિષ્ઠ નાગરિકોની સ્થિતિ પર કેન્દ્રિત નીતિ આયોગની 'સિનિયર કેર રિફોર્મ ઈન ઈન્ડિયા-રિઈમેજિનિંગ ધ સિનિયર કેર પેરાડાઈમ' નામના હાલના એક રિપોર્ટનું સ્વાગત કરવું જોઈએ. કારણ કે તે બુઝુર્ગ આબાદીના જીવન સ્તરને બહેતર બનાવવાની સાથે જ તેમને મુખ્ય આર્થિક ધારામાં સમાયોજિત કરવાના જરૂરી ઉપાયોને પણ રેખાંકિત કરે છે. દેશમાં ૭૮ ટકા બુઝુર્ગો પાસે કોઈ પેન્શન યોજના નથી, એ જણાવતા આ રિપોર્ટ એક ગંભીર વાસ્તવિકતા તરફ ધ્યાન ખેંચે છે. રિપોર્ટમાં તેનો પણ ખુલાસો કરવામાં આવ્યો છે કે હાલમાં દેશમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના ૧૨.૮ ટકા લોકો છે, જે ૨૦૩૧ સુધી ૧૨.૨ ટકા અને ૨૦૫૦ સુધી ૧૯ ટકા થઈ જશે. આ એ જનસાંખ્યિકીય બદલાવની ઝલક દર્શાવે છે, જેમાંથી દેશ પસાર થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે થોડા મહિના પહેલાં સંયુક્ત રાષ્ટ્ર જનસંખ્યા કોષ (યુએનએફપીએ) દ્વારા જારી રિપોર્ટમાં પણ ભારતની આબાદીમાં બુઝુર્ગોની હિસ્સેદારી ૨૦૫૦ સુધીમાં બેગણી થવાની વાત કહેવામાં આવી હતી. બુઝુર્ગોની આ આબાદીમાં એક મોટી સંખ્યા મજૂરો અને અસંગઠિત ક્ષેત્રની પણ છે, તેથી તેમની સામાજિક સુરક્ષાનો મુદ્દો વધુ મહત્ત્વપૂર્ણ થઈ જાય છે.

જોકે કેન્દ્ર સરકાર બુઝુર્ગો માટે એક વ્યાપક રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ ચલાવે છે, તેમાં કેટલીય ઉપ-યોજનાઓ પણ સામેલ છે, પરંતુ જેવું યુએનએફપીએનો રિપોર્ટ કહે છે, આ યોજનાઓ વિશે જાગૃતિના અભાવ અને તેમાં રહેલ પ્રશાસનિક પ્રક્રિયાઓની જટિલતાઓને કારણે બુઝુર્ગ હંમેશાં તેનો લાભ નથી લઈ શકતા. રિપોર્ટ ખુદ કહે છે કે ભારતમાં સાઈઠ વર્ષથી વધુ ઉંમરના લગભગ ૧૮ ટકા લોકો પાસે સ્વાસ્થ્ય વીમો છે, જે દેશમાં સામાજિક સુરક્ષા નેટવર્કનો દાયરો સીમિત હોવા તરફ ઈશારો કરે છે. જોકે આ બુઝુર્ગ આજીવિકા માટે પોતાની બચત પર જ નિર્ભર હોય છે, એવામાં નીતિ આયોગનું એમ કહેવું કે બુઝુર્ગોની જમા રકમ પર વ્યાજ દરની એક વાજબી નીચલી સીમા નક્કી થવી જોઈએ તે બેહદ મહત્ત્વપૂર્ણ છે. તે ઉપરાંત બુઝુર્ગો દ્વારા ઉપયોગમાં લેવાતા ઉત્પાદનો પર ટેક્સમાં બદલાવનું સૂચન પણ ઉપયોગી છે, કારણ કે તેનાથી એમના પર ઓછો બોજ પડશે. ઝડપથી વધતી અર્થવ્યવસ્થામાં વરિષ્ઠ નાગરિકો આત્મસન્માનપૂર્ણ જીવના અધિકારની રક્ષા થઈ શકે, આ દૃષ્ટિએ નીતિ આયોગની ભલામણો બેહદ જરૂરી છે. આશા રાખીએ કે સરકાર તેને લાગુ કરવાની ઈચ્છાશક્તિ દેખાડશે.

### માથાભારે શખ્સે ૪૦ ઝૂંપડામાં આગ લગાવી

# કચ્છના અંજારમાં બજાર પાસે શ્રમિકોનાં દસ ઝૂંપડાં સળગાવાયા

**સાત જેટલા બિલાડીના બચ્ચાં બળી ગયા હતા અને ઝુંપડા પણ ખાખ થઈ ગયા હતા ત્યારે આ ઘટના બાદ પોલીસ પણ દોડતી થઈ છે**

અંજાર , તા.૨૦

કચ્છના અંજારમા બજાર પાસે આવેલ મજૂરોના ૮ થી ૧૦ ઝૂંપડાને રફીક નામના શખ્સે આગ ચાંપી તેમા રહેતા મજુરોને જીવતા સળગાવી દેવાનો પ્રયાસ કર્યો. જો કે મજુરો બહાર આવી ગયા હતા. જ્યારે સાત જેટલા બિલાડીના બચ્ચાં બળી ગયા હતા અને ઝુંપડા પણ ખાખ થઈ ગયા હતા. ત્યારે આ ઘટના બાદ પોલીસ પણ દોડતી થઈ છે.

અંજારમાં એક માથાભારે શખ્સની દાદાગીરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મોહમ્મદ રફીક હાજી કાસમ કુંભારની દાદાગીરીને વશ થવા મજૂરોએ ઈક્કાર કરતાં આરોપીએ મજૂરોના ઝૂંપડાઓને આગ ચાંપી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભોગ બનનાર લોકોની ફરિયાદને આધારે અંજાર પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે.

અંજારના ખત્રી બજાર નજીક આવેલી ઝૂંપડપટ્ટીમાં રવિવારે સવારે આગ લાગતાં દસ જેટલા ઝૂંપડા બળીને ખાક થઈ ગયા હતા. સદભાગ્યે ઝૂંપડામાં રહેતા મજૂર પરિવારના ૧૨ સદસ્યો બહાર નીકળી જતા તેમનો જીવ બચ્યો હતો. પરંતુ ઝુંપડામાં લાગેલી આગના કારણે તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની જ્વાળાઓ ઝુંપડા ઉપર રહેલી વીજ લાઈનને સ્પર્શતાં વીજ લાઈનમાં પણ ધડાકા થયા હતા. અંજાર ફાયરબ્રિગેડની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો.જોકે આગ અકસ્માતે નહોતી લાગી પરંતુ ઈરાદાપૂર્વક આગ ચાંપી હોવાનો ખુલાસો થયો છે. હકીકતમાં અંજારના મોહમ્મદ રફીક હાજી કાસમ કુંભાર મજૂરોને છૂટક મજૂરી કામ કરવા માટે ફરજ પાડતો હતો. કામ પૂર્ણ થયા બાદ મજૂરીના પૈસા પણ ઝુંટવી લેતો હતો. શનિવારે રાત્રે આરોપી મજૂરોને મજૂરી કરવા માટે કહેવા આવ્યો હતો. ત્યારે તમામ મજૂરોએ સંપ રાખીને રફીકને મજૂરી કરવા માટે ના પાડી હતી. જેના બદલામાં રફીકે મજૂરોને ઝૂંપડા સાથે જીવતા સળગાવી દેવાની ધમકી આપી હતી.

રવિવારે સવારે તમામ મજૂરો તેમના પરિવાર સાથે તેમના ઝુંપડામાં સૂતાં હતાં. ત્યારે રફીકે પેટ્રોલ જેવા જ્વલનશીલ પદાર્થ રેડીને ઝૂંપડાઓને આગ લગાડી દીધી હતી. મજૂરોને ધ્યાને આવતા તુરંત જ ઝુંપડા બહાર નીકળી ગયા હતા. મજૂરોના જણાવ્યા મુજબ આ આગની દુર્ઘટનામાં એક ઝૂંપડામાં એક બિલાડી અને તેનાં ૭ બચ્ચાં જીવતા હોમાઈ ગયા હતા.

આ ઘટના બાદ ઘટનાનો ભોગ બનેલા અને રોષે ભરાયેલા મજૂરો અંજાર પોલીસ સ્ટેશન પહોંચ્યા અને આરોપી રફીક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે રફીક સામે હત્યાના પ્રયાસ માટે કલમ ૩૦૭, આગ લગાડવા માટે કલમ ૪૩૬ અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ કલમ ૫૦૬ (૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીની ધરપકડ કરીને જેલહવાલે કરવામાં આવ્યો છે.

આમ આવા ગરીબ લોકોના ઘર સળગાવનાર અને નિર્દોશ લોકોને હેરાન કરનારને કડકમાં કડક સજા થાય તેવી લોક માંગ ઉઠી રહી છે.

### ઓનલાઈન ગેમિંગની લત વધુ એક વખત જોખમી સાબિત

# મોબાઈલ શોરૂમના મેનેજરને ઓનલાઈન ગેમિંગની લત ભારે પડી

**મેનેજર જગદીશે છેલ્લા છ મહિનામાં શોરૂમમાંથી જ ૨૧ લાખથી વધુના ૨૬ મોબાઈલ તેમજ ૧૫ લાખથી વધુની રોકડ રૂપિયાની ચોરીઓ કરી**

અમદાવાદ, તા.૨૦

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પાસે આવેલા દેવાર્ક મોલમાં આવેલી ફોનબુક મોબાઈલ શોરૂમનાં મેનેજરની સેટેલાઈટ પોલીસે ધરપકડ કરી છે. મોબાઈલ શોરૂમ માંથી મોબાઈલ અને રોકડ રૂપિયાની ચોરીની ફરિયાદ કંપની દ્વારા નોંધાવવામાં આવી હતી. જે મામલે પોલીસે શો રૂમમાં મેનેજર તરીકે કામ કરતા જગદીશ ઉર્ફે જેડીની ધરપકડ કરી છે. મેનેજર જગદીશે છેલ્લા છ મહિનામાં શોરૂમ માંથી જ ૨૧ લાખથી વધુના ૨૬ મોબાઈલ તેમજ ૧૫ લાખથી વધુની રોકડ રૂપિયાની ચોરીઓ કરી છે. જેને લઈને કંપની દ્વારા પોલીસ ફરિયાદ નોંધાતા સેટેલાઈટ પોલીસે ધરપકડ કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે શોરૂમ નો મેનેજર જગદીશ ઉર્ફે જેડી છેલ્લા ઘણા સમયથી ઓનલાઈન ગેમ રમી રહ્યો હતો જેમાં તેને લાખો રૂપિયાનું દેવું થઈ ગયું હતું. ઓનલાઈન ગેમિંગની લતને કારણે મેનેજરે પોતાના જ શો રૂમમાંથી ચોરીઓ કરવાનું નક્કી કર્યું હતું અને છેલ્લા છ મહિના દરમિયાન તેણે અલગ અલગ કંપનીના ૨૬ જેટલા મોબાઈલઓ તેમજ સમયાંતરે રોકડા રૂપિયાની ચોરીઓ કરી હતી. મેનેજર જગદીશ જ્યારે પણ ઓનલાઈન ગેમમાં રૂપિયા હારતો હતો ત્યારે તે મોબાઈલ અથવા તો રોકડની ચોરી કરી પૈસા ભરપાઈ કરતો હતો.

મોબાઈલ શોરૂમ કંપનીમાં જ્યારે ઓડિટ આવ્યું તે સમયે મેનેજર દ્વારા ૨૬ જેટલા મોબાઈલ ફોનના ડુપ્લીકેટ બીલો રજૂ કર્યા હતા. તેમજ ઓનલાઈન ટ્રાન્સફર કરેલા રૂપિયાના કોડમાં પણ છેડછાડ કરી હતી. જેને કારણે ઓડિટ સમયે શંકા જતા કંપની દ્વારા વધુ તપાસ કરવામાં આવી હતી. જેમાં મેનેજર દ્વારા ખોટા બીલો રજૂ કરી મોબાઈલ વેચાણ કર્યા હતા. તેમજ રોકડ રકમમાં પણ બે લાખ રૂપિયા ઓડિટ સમયે ઓછા હોવાનું સામે આવતા સમગ્ર ચોરીનો ભાંડો ફૂટચો હતો. જેના આધારે કંપની દ્વારા સેટેલાઈટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

હાલ તો ફરિયાદને આધારે સેટેલાઈટ પોલીસે શોરૂમ મેનેજર જગદીશ ઉર્ફે જેડી ની ધરપકડ કરી છે. તેની સાથે પોલીસે રાજકુમાર નાયક નામના વ્યક્તિની પણ ધરપકડ કરી છે. પોલીસને બંને આરોપીઓ પાસેથી નવ જેટલા મોબાઈલ તેમજ એક લાખ રૂપિયા રોકડા કબજે કર્યા છે. સમગ્ર કેસમાં મેનેજર દ્વારા બિલ વગરના ફોન કોને કોને આપવામાં આવ્યા છે તેમજ શોરૂમ નો અન્ય કોઈ કર્મચારી સમગ્ર કેસમાં સંડોવાયેલો છે કે કેમ તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

### વાલીઓ માટે લાલબત્તી સમાન કીસ્સો

# તળાવમાં ડૂબવાથી ૭ વર્ષની બાળકીનું મોત નીપજ્યુ

**તળાવના ઓટલા પાસે નહાતી હતી ત્યારે અચાનક તે ઊંડા પાણીમાં ગરકી ગઈ**

સુરત, તા.૨૦

ઉન વિસ્તારમાં તળાવમાં ડૂબવાથી ૭ વર્ષની બાળકીનું મોત નીપજ્યું છે. સોસાયટીના રહીશોએ ધાર્મિક તહેવારોની ઉજવણી માટે તળાવ બનાવ્યું હતું. નાની બાળકી અન્ય બાળકો સાથે તળાવના ઓટલા પાસે નહાતી હતી ત્યારે અચાનક તે ઊંડા પાણીમાં ગરકી ગઈ હતી.

તળાવમાં નહાતી વખતે ડૂબી જવાથી બાળકીનું મોત નિપજ્યું છે. બાળકી ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા દુર્ઘટના ઘટી હતી. બનાવ સંદર્ભે ભેસ્તાન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે આ કિસ્સો વાલીઓ માટે લાલબત્તી સમાન છે જ્યાં બાળકી માટે લાપરવાહ થઈ પાણીમાં મોકલવાના નિર્ણયના ગંભીર પરિણામ ભોગવવાનો વારો આવ્યો છે.

### સુરેન્દ્રનગરમાં ખનન માફીયાઓ બેફામ બન્યા

# ખોદકામ દરમ્યાન બ્લાસ્ટ કરતા શિવ મંદિર અને ધર્મશાળા સહિતને નુકશાન થયું

**ખોદકામ શરૂ કરાયાની મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે ત્યારે ખનન રોકવામાં નહી આવે તો બ્લાસ્ટથી મંદિરને વધુ નુકશાન થશે**

સુરેન્દ્રનગર , તા.૨૦

સુરેન્દ્રનગરમાં ખનન માફીયાઓ ફરી બેફામ બન્યા છે. ત્યારે ખનન માફીયાઓએ વિખ્યાત તરણેતર મંદિરની બાજુમાં ખોદકામ શરૂ કર્યું છે. બ્લાસ્ટ અને ખોદકામથી શિવમંદિર અને ધર્મશાળા સહિતને નુકશાન થયું છે. ત્યારે બ્લાસ્ટનાં કારણે ઠેર ઠેર તીરાડો પડી છે. ત્યારે તરણેતરના મેળામાં જે વિવિધ હરીફાઈ થાય છે તે મેદાનમાં ખોદકામ શરૂ કર્યું છે. ત્યારે તરણેતર મંદિરની બાજુમાં આવેલા તળાવમાં પણ ખોદકામ શરૂ કરાયું છે. તળાવની પાળને પણ નુકશાન થયું હતું.

આ સમગ્ર બાબતે ખનન માફીયાઓ બેચરભાઈ, અમરાભાઈ, દેવાભાઈ દ્વારા ખોદકામ શરૂ કરાયાની મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. ત્યારે ખનન રોકવામાં નહી આવે તો બ્લાસ્ટથી મંદિરને વધુ નુકશાન થશે. જાગૃત નાગરિકે પત્રમાં શું લખ્યું

આ બાબતે જાગૃત નાગરિક દ્વારા મુખ્યમંત્રીને સંબોધીને લખેલ પત્રમાં જણાવ્યું હતું કે, તરણેતર ગામે જ્યાં લોકભાતીગળ મેળાનુ આયોજન થાય છે. તે મેળામાં જે રમત-ગમત ઘોડારેસ તેમજ પશુ મેળાનું આયોજન કરવામાં આવે છે. તે મેદાનમાં તેમજ ત્યાં આવેલા તળાવમાં માથાભારે ઈસમો દ્વારા મોટા પ્રમાણમાં ખનીજ ચોરી ચાલી રહી છે. જેના લીધે ખનન માટે જે બ્લાસ્ટીંગ કરવામાં આવે છે. તેનાથી જે પૌરાણિક શિવ મંદિર તથા તેની બાજુમાં જે મંદિર તેમજ ધર્મશાળાઓ આવેલી છે.

તેમજ તળાવમાં ખનન બ્લાસ્ટિંગ થવાથી તળાવની પાળને પણ નુકશાન થયેલ છે. આ ભુમાફીયાઓથી ડરીને પંચાયત તંત્ર પણ આંખ આડા કાન કરી લીધા હોય તેવું લાગે છે. એવી આશા રાખું છું કે, જે આ ભુમાફીયાઓ દ્વારા ગામ તેમજ રાષ્ટ્રની સંપત્તિને નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. તેને જલ્દી બંધ કરાવી તેના ઉપર યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

ખનીજ માફીયાઓના નામ

- બેચરભાઈ રાણાભાઈ બલિયા (રહે.તરણેતર)
- અમરાભાઈ સગરાભાઈ બલિયા (રહે.તરણેતર)
- દેવાભાઈ માવજીભાઈ ખમાણી (રહે.તરણેતર)

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સદાય પ્રસન્ન રહેનાર પોતે પણ સુખી થાય છે અને બીજાને પણ સુખી કરે છે. - સુભાષિત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ફાગણ સુદ-૧૧ આમલકી એકાદશી તા.૨૦ માર્ચ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૯, પુષ્ય નક્ષત્ર, અતિગંડ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૫૭, સૂ.અ.૭:૦૧

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.
વૃષભ:મનની ઈચ્છા ફળે. મહત્વના કાર્યમાં પ્રગતિ થાય.
મિથુન:વાહનથી સંભાળવું હિતાવહ. નવિન આર્થિક લાભ મળે.
કર્ક: પ્રિયજનથી વિરહ રહે. ધંધાના કાર્યોમાં સફળતા મળે.
સિંહ: વ્યર્થ માનસિક ચિંતા સતાવે. ઉચ્ચાટ ભર્યો દિવસ વ્યતિત થાય.
કન્યા: કૌટુંબિક કાર્યોમાં સફળતા મળે. યશ, માન, કીર્તિ મળે.
તુલા: માંગલિક કાર્યોમાં ધન વ્યય. મહત્વના પ્રશ્નોનો નિકાલ થાય.
વૃશ્ચિક:રોકાયેલા નાણાં છૂટા થાય. મકાન-જમીનને કાર્યોમાં સફળતા.
ધન: જીવનસાથીના સહકારથી કાર્યમાં સફળતા મળે. નવિન તક.
મકર: સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું લાગે, વ્યર્થ ભાગ-દોડ કરવી
કુંભ: ધન હાનિના યોગ હોઈ સંભાળવું. પ્રવાસમાં નિષ્ફળતા મળે.
મીન: ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.

### લાખો કમાવા ગયેલા ડોકટર સાથે કરોડોની ઠગાઈ

# ઘાટલોડીયાના ડોકટર સાથે મહેસાણાના બિલ્ડરે ૬.૨૫ કરોડની ઠગાઈ કરી

અમદાવાદ, તા.૨૦

ઘાટલોડિયાના ડોકટરને બિલ્ડરે ગુરુકુલમાં સ્કિમ મુકવાનું કહી તેમાં પૈસાની જરુર છે તમને સારો નફો આપીશું તેવી વાત કરી ૬.૨૫ કરોડ રુપિયા લીધા હતા અને બાદમાં ૪૮ લાખ પરત આપ્યા હતા. બાકીના એક પણ રુપીયો આપવાની ના પાડી દઈ પૈસા માંગ્યા તો ખોટા કેસમાં ફસાવી દેવાની મહેસાણાના બિલ્ડરે ધમકી આપી હતી. આ અંગે ક્રાઈમ બ્રાંચે મહેસાણાના બિલ્ડર સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલા નારાયણ કુટીર બંગલોમાં નરેશભાઈ મલ્હોત્રા (ઉ.૫૦ ) પરિવાર સાથે રહે છે. ઘાટલોડિયા ખાતે આદિત્ય મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલ નામથી છેલ્લા ૨૨ વર્ષથી ડોક્ટર તરીકે પ્રેક્ટીશ કરે છે. વર્ષ ૨૦૧૮માં નારાણય કોર્પોરેશન નામની ભાગીદારી પેઢીના ભાગીદાર વતી રઘુ શંકરભાઈ પટેલ (રહે. પટેલ વાસ, મણીપુર ગામ, મહેસાણા) સાથે ગુરુકુલ ખાતે અરીહંતનગર નામની ફ્લેટની સ્કિમમાં રીડેવલોપીંગ ચાલુ કર્યું હતું. આ જગ્યા પર નારાયણ એક્ઝોટીકા નામની રેસિડન્ટ અને કોમર્શીયલ સ્કિમ ચાલુ કરી હતી. તેમા નાણાની જરુર હોવાથી રઘુ પટેલે તેમની સ્કિમ અંગેની માહિતી મને આપી હતી. પાંચ વર્ષનું રોકાણ તેમા નફો આપવાની વાત કરી હતી. જેમાં ૬ કરોડની જરુર હતી. ડો. નરેશભાઈએ ૧.૭૩ કરોડ અને બીજા આરટીજીએસ કરી હતી. બાદમાં ૪.૫૨ કરોડ જકશીભાઈ ભરવાડની હાજરીમાં હોસ્પિટલ પરથી અલગ અલગ સમયે લઈ ગયા હતા. મિત્રો પાસેથી ભેગી કરીને વર્ષ ૨૦૧૮થી ૨૦૧૯ દરમિયાન ૬.૨૫ કરોડ રઘુભાઈને આપી હતી. દર મહિને નફા પેટે ૨૫ લાખ ચુકવી આપશે તેવું નક્કી થયું હતું. રોકાણની અવેજમાં સિક્યુરિટી માટે ૩ દુકાનના બાનાખત કરાર કરી આપશે તેમ નક્કી કર્યું હતું. આમ ૩ દુકાનો રઘુભાઈએ બનાખત કરી આપી હતી પરંતુ રઘુભાઈએ ભાગીદારી પેઢીને જાણ કરી ન હતી. તમામ નાણાંમાંથી અત્યાર સુધીમાં રઘુભાઈએ ૪૮ લાખ પરત આપ્યા છે. બીજી કોઈ પણ રકમ આપી ન હતી. જે દુકાનો રઘુભાઈએ આપી હતી તે દુકાનો તેમના ભાગીદારે વેચી નાખી હોવાનું નરેશભાઈને જાણવા મળ્યું હતું. જેથી રઘુભાઈને જાણ કરતા તેમણે કહ્યું હતું કે, હવે તમને કંઈ મળશે નહી, જે થાય તે કરી લેજો હવે ઉઘરાણી કરતા નહી નહી તો ખોટા કેસમાં ફસાવી દઈશું તેમ કહી ધમકી આપી હતી. આ અંગે ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મહિલાને એસિડ એટેકની ધમકી મળતા પોલીસ દોડતી થઈ

**ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી આવી કોઈ ઘટના બને તે પહેલા ધમકી આપનારને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા**

સુરત, તા.૨૦

કતારગામમમાં મહિલાને એસિડ એટેકની ધમકી મળતા પોલીસ દોડતી થઈ હતી. અતિગંભીર સ્વરૂપ ધારણ કરે તેવા મામલામાં પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી આવી કોઈ ઘટના બને તે પહેલા ધમકી આપનારને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા. આખરે તપાસમાં મહિલાના પૂર્વ પતિનું કારસ્તાન હોવાનું સામે આવ્યું

સુરતના કતારગામ વિસ્તારની આ ઘટના સામે આવી છે. મહિલાના પૂર્વ પતિએ પત્ની પર એસિડ ફેંકવાની ધમકી આપી હતી. ગભરાયેલી મહિલાએ આ બાબતની પોલીસને જાણ કરતા તપાસ તેજ કરાઈ હતી. પૂર્વ પતિએ ફરી લગ્ન કરે તો માટે મહિલાને દબાણમાં લાવવા એસિડ ફેંકવાની ધમકી આપી હતી.યુવતીએ કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી.

# સાબરડેરીના સત્તાધીશો સામે ખુદ ડિરેક્ટરે જ આક્ષેપો કર્યા

પ્રાંતિજ, તા.૨૦

સાબરડેરીના સત્તાધીશો સામે ખુદ ડિરેક્ટરે જ આક્ષેપો કર્યા છે. સાબરડેરીની મુખ્ય ઓફિસના પગથિયાંમાં બેસી જઈને ડિરેક્ટરે વિરોધ દર્શાવીને આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને સાબરડેરીના ડિરેક્ટર જશુ પટેલે મંગળવારે સાંજે વિરોધ પ્રદર્શન કરીને સાબરડેરી સામે આક્ષેપો કર્યા હતા. સાબરડેરીની સામાન્ય ચૂંટણી હાલમાં જ સમાપ્ત થઈ છે. જેમાં ૧૬ માથી ૧૫ ડિરેક્ટર્સ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે માલપુર બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી.

જેમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને સાબરડેરીની પૂર્વ ડિરેકટર ફરી એકવાર ચૂંટાઈ આવ્યા હતા. વિજયી થયાના દશ દિવસનો પણ સમય પૂર્ણ થયો નથી ત્યાં ડિરેક્ટરે સાબરડેરીના સત્તાધિશો સામે સવાલો કરી દીધા હતા.

જશુ પટેલે ડેરીની ઓફિસના પગથિયાંમાં બેસી જઈને વિરોધ કર્યો હતો. સાથે જ આક્ષેપો કર્યા હતા કે, સાબરડેરીના કર્મચારીઓને ડિરેક્ટરોને ત્યાં ડ્રાઈવર તરીકે કામ કરવામાં રાખવામાં આવે છે.

# ઈલેક્ટોરલ બોન્ડ્સ : 'લોટરી કિંગે' ઈડીના દરોડા પછી તરત જ પાર્ટીઓને ૪૫૦ કરોડ રૂપિયા આપ્યા હતા

## લોટરી ફર્મ ફ્યુચર્સ ગેમિંગે ED દ્વારા તેમની સંપત્તિઓ જપ્ત કર્યાના માત્ર ૨ અઠવાડિયામાં જ રૂા.૩૮૫ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ્સ ખરીદ્યા હતા

(એજન્સી) તા.૨૦

લોટરી બેરોન સેન્ટિયાગો માર્ટિનની ફર્મ ફ્યુચર ગેમિંગ એન્ડ હોટેલ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડે રાજકીય પક્ષોને ચૂંટણી બોન્ડ મારફતે રૂા.૧૩૬૮ કરોડની કુલ રકમ આપી છે. ભારતીય ચૂંટણી પંચની વેબસાઈટ ઉપર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટાના આધારે, માર્ટીનની પેઢી દેશમાં ચૂંટણી બોન્ડની સૌથી વધુ ખરીદદાર છે, જે અન્ય કોઈપણ કંપની અથવા વ્યક્તિ કરતાં વધુ છે. ફ્યુચર ગેમિંગના દાનનો સૌથી વધુ લાભ કયો પક્ષ હતો ? દરેક ચૂંટણી બોન્ડનો આલ્ફાન્યૂમેરિક કોડ હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી માટે તે સુનિશ્ચિત કરવાનો કોઈ રસ્તો નથી. પરંતુ ફ્યુચર ગેમિંગ દ્વારા ખરીદવામાં આવેલા ઈલેક્ટોરલ બોન્ડનું બીજું એક રસપ્રદ પાસું છે અને તે છે ખરીદીનો સમય. અથવા ઘટનાક્રમ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પ્રમોટર સેન્ટિયાગો માર્ટિનની સંપત્તિઓ ટાંચમાં લેવામાં આવ્યાના થોડા દિવસોમાં પેઢીએ આ દાન આપ્યું હતું. ફ્યુચર ગેમિંગે ED એક્શનના થોડા દિવસો પછી ચૂંટણી બોન્ડ્સ ખરીદ્યા હતા. ફ્યુચર ગેમિંગ એ ટોચના દાતાઓમાં એકમાત્ર એવી પેઢી નથી કે જેણે એજન્સીઓના દરોડાઓનો સામનો કર્યો હોય. ટોચના ૩૦ ઈલેક્ટોરલ બોન્ડ ખરીદનારાઓમાંથી ૧૪ ને દરોડાનો સામનો કરવો પડ્યો હતો. ફ્યુચર ગેમિંગ તેમાંથી એક છે.

૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ : EDએ કામચલાઉ ધોરણે રૂા.૧૯.૫૯ કરોડના સિક્કિમ લોટરી કૌભાંડ કેસમાં PMLA હેઠળ સેન્ટિયાગો માર્ટિન અને અન્યને આ સાથે આ કેસમાં કુલ રકમ રૂા.૨૭૭.૫૯ કરોડ હતી.

૫ જાન્યુઆરી, ૨૦૨૨ : ફ્યુચર ગેમિંગ રૂા.૧૦૦ કરોડના ચૂંટણી બોન્ડ ખરીદે છે.

૯ જાન્યુઆરી, ૨૦૨૨ : ફ્યુચર ગેમિંગ રૂા.૧૧૦ કરોડના ચૂંટણી બોન્ડ ખરીદે છે.

૨ એપ્રિલ, ૨૦૨૨ : ઈઢએ મેસર્સ ફ્યુચર ગેમિંગ એન્ડ હોટેલ સર્વિસીસ પ્રા. લિ. વિરૂધ્ધ લોટરી કૌભાંડના કેસમાં PMLA, ૨૦૦૨ હેઠળ રૂા. ૪૦૯.૯૨ કરોડની જંગમ સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી.

૭ એપ્રિલ, ૨૦૨૨ : ફ્યુચર ગેમિંગ રૂા.૧૦૦ કરોડના ચૂંટણી બોન્ડ ખરીદે છે.

૨ જુલાઈ, ૨૦૨૨ : EDએ રૂા.૧૭૩.૪૮ કરોડની મુવેબલ અને જંગમ મિલકતોને કામચલાઉ રીતે જપ્ત કરી.

૬ જુલાઈ, ૨૦૨૨ : ફ્યુચર ગેમિંગે રૂા.૭૫ કરોડના ઈલેક્ટોરલ બોન્ડની ખરીદી કરી.

૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ : EDએ PMLA હેઠળ પ્રોસિક્યુશન ફરિયાદ ફ્યુચર ગેમિંગ અને અન્ય ૧૫ કંપનીઓ દાખલ કરી.

૫ ઓક્ટોબર, ૨૦૨૩ : ફ્યુચર ગેમિંગ રૂા. ૬૫ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદે છે.

જો આપણે સમયમર્યાદાને વિસ્તૃત કરીએ અને ED દ્વારા કોઈ કાર્યવાહીના છ મહિનાની અંદર ફ્યુચર ગેમિંગ દ્વારા આપવામાં આવેલા દાનને જોઈએ તો કુલ રૂા. ૬૯૬ કરોડ થાય છે. આ ફ્યુચર ગેમિંગ માટે ચૂંટણી બોન્ડ દ્વારા કુલ દાનના લગભગ ૫૦ ટકા છે.

**અનુત્તરિત પ્રશ્નો**

● ફ્યુચર ગેમિંગના ઈલેક્ટોરલ બોન્ડની આટલી બધી (એક તૃતીયાંશ ખરીદી) શા માટે ED તરફથી કાર્યવાહીનો સામનો કર્યા બાદ થઈ ?

● આમાંથી રૂા.૩૮૫ કરોડના બોન્ડની ખરીદી ED દ્વારા માર્ટિન સાથે જોડાયેલી સંપત્તિઓ એટેચ કર્યા પછી તરત જ કરવામાં આવી હતી. આ શું સમજાવે છે ?

● નાણાકીય વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩માં ફ્યુચર ગેમિંગનો ચોખ્ખો નફો રૂા. ૨૧૫ કરોડ હતો. આ સમયગાળામાં તેણે ઈલેક્ટોરલ બોન્ડ્સ ઉપર ખર્ચ કરેલી રકમ રૂા. ૧૩૬૮ કરોડ હતી, જે છ ગણી વધારે હતી. તો ચૂંટણી બોન્ડ્સથી કંપનીને શું ફાયદો થાય છે ?

● જ્યારે ED ફ્યુચર ગેમિંગ અને તેના પ્રમોટર્સની સેંકડો કરોડની સંપત્તિ જપ્ત કરી રહી હતી. આવા સંજોગોમાં તેઓ ચૂંટણી બોન્ડ ઉપર આટલો ખર્ચ કેવી રીતે કરી શકે ?

● ફ્યુચર ગેમિંગ દ્વારા દાનનો સૌથી વધુ લાભ કયા પક્ષો હતા ? શું તે બીજેપી માટે વધુ હતું, જે કેન્દ્રમાં શાસન કરી રહી છે અથવા એવા પ્રાદેશિક પક્ષો જે રાજ્યોમાં તેના વ્યાપારી હિતો છે ? EDની કાર્યવાહી અને ફ્યુચર ગેમિંગ દ્વારા ઈલેક્ટોરલ બોન્ડની ખરીદી વચ્ચે કોઈ કારણ હોવાનો આક્ષેપ કરી રહ્યાં નથી. અમારે અહીં જણાવવું જોઈએ કે ED ઉપરાંત, સેન્ટિયાગો સાથે જોડાયેલી કંપનીઓની અનેક કેન્દ્રીય એજન્સીઓ તેમજ રાજ્ય પોલીસ દળો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. પરંતુ લોટરી કંપની દ્વારા આ ખરીદીઓનો સમય અને તેમના ચોખ્ખા નફા અને બોન્ડની ખરીદી વચ્ચેનું સંપૂર્ણ અસંતુલન અનેક પ્રશ્નો ઉભા કરે છે.

# 'પીએમ-સૂર્ય ઘર મફત બિજલી યોજના' : કેન્દ્રની સોલાર છત યોજના માટે એક કરોડથી વધુ પરિવારો નોંધાયા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સોલાર છત યોજના, પીએમ-સૂર્ય ઘર મફત બિજલી યોજના માટે એક કરોડથી વધુ પરિવારો નોંધણી કરાવી ચૂક્યા છે



નવી દિલ્હી તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સોલાર છત યોજના પીએમ-સૂર્ય ઘર : મફત બિજલી યોજના માટે એક કરોડથી વધુ પરિવારો નોંધણી કરાવી ચૂક્યા છે. વડાપ્રધાન મોદીએ X પર પોસ્ટ કર્યું, 'ઉત્તમ સમાચાર! તે લોન્ચ થયાના લગભગ એક મહિનામાં એક કરોડથી વધુ પરિવારોએ PM-સૂર્ય ઘર : મુફ્ત વીજળી યોજના માટે પોતાની નોંધણી કરાવી છે. દેશના તમામ ભાગોમાંથી નોંધણીઓ થઈ રહી છે,' વડાપ્રધાને વધુમાં કહ્યું કે, આસામ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા, તમિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં પાંચ લાખથી વધુ જોવા મળ્યા છે. તેમણે ઉમેર્યું, 'જેઓએ નોંધણી કરાવી નથી તેઓએ પણ વહેલામાં વહેલી તકે કરાવી લેવી જોઈએ.' ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવેલા વચગાળાના બજેટમાં જાહેર કરાયેલ રૂફટોપ સોલાર પ્રોગ્રામને પીએમ સૂર્ય ઘર : મુફ્ત બિજલી યોજના તરીકે ઓળખવામાં આવશે. રૂફટોપ સોલાર પ્રોજેક્ટ, રૂા.૭૫,૦૦૦ કરોડથી વધુના રોકાણ સાથે, ૧ કરોડ પરિવારોને દર મહિને મફત વીજળીના ૩૦૦ યુનિટ પ્રદાન કરીને પ્રકાશ આપવાનું લક્ષ્ય ધરાવે છે. આ યોજનાને પાયાના સ્તરે લોકપ્રિય બનાવવા માટે, શહેરી સ્થાનિક સંસ્થાઓ અને પંચાયતોને તેમના અધિકારક્ષેત્રમાં રૂફટોપ સોલર સિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. સરકારના જણાવ્યા અનુસાર આ સોલારાઈઝેશનથી અપેક્ષિત લાભો મફત સૌર વીજળીથી ઘરો માટે વાર્ષિક રૂા.૧૫,૦૦૦-૧૮,૦૦૦ કરોડ સુધીની બચત અને વિતરણ કંપનીઓને સરપ્લસ વેચવા છે; ઈલેક્ટ્રિક વાહનોનું ચાર્જિંગ; સપ્લાય અને ઈન્સ્ટોલેશન માટે મોટી સંખ્યામાં વિક્રેતાઓ માટે ઉદ્યોગસાહસિકતાની તકો; અને ઉત્પાદન, સ્થાપન અને જાળવણીમાં તકનીકી કુશળતા ધરાવતા યુવાનો માટે રોજગારની તકો ઉભી કરવા માંગે છે. ભારત કોલસા આધારિત વીજળી દ્વારા તેની ઉર્જા જરૂરિયાતોનો મોટો હિસ્સો સંતોષે છે અને આ સૌર છત કાર્યક્રમને પાવરના પરંપરાગત સ્ત્રોતો ઉપર નિર્ભરતા ઘટાડવાના માર્ગ તરીકે જોવામાં આવી શકે છે. ૨૦૨૧માં આયોજિત COP26માં, ભારતે મહત્વાકાંક્ષી પાંચ ભાગની 'પંચામૃત' પ્રતિજ્ઞા માટે પ્રતિબદ્ધ કર્યું. તેમાં ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત વીજળીની ક્ષમતા સુધી પહોંચવું, નવીનીકરણીયમાંથી તમામ ઉર્જા જરૂરિયાતોમાંથી અડધી પેદા કરવી, ૨૦૩૦ સુધીમાં ઉત્સર્જનમાં ૧ અબજ ટનનો ઘટાડો કરવાનો સમાવેશ થાય છે. સમગ્ર ભારતે જીડીપીની ઉત્સર્જનની તીવ્રતા ૪૫ ટકા ઘટાડવાનું લક્ષ્ય પણ રાખ્યું છે. ૨૦૭૦ સુધીમાં ચોખ્ખી-શૂન્ય ઉત્સર્જન માટે પ્રતિબદ્ધ છે. હાલમાં ભારતની લગભગ ૪૪ ટકા ઊર્જા જરૂરિયાતો બિન-અશ્મિભૂત સ્ત્રોતોમાંથી આવે છે અને ૨૦૩૦ સુધીમાં તે ૬૫ ટકા સુધી પહોંચવાની શક્યતા છે, જે COP સમિટમાં દેશે જે વચન આપ્યું હતું તેના કરતાં ઘણું વધારે છે. ૨૦૨૧ માં, કેન્દ્રીય પ્રધાન આર.કે. સિંહ, જેઓ પાવર અને રિન્યુએબલ પોર્ટફોલિયો સંભાળે છે, તેમણે જણાવ્યું હતું.

# લ્યો બોલો...બિહારના ભાગલપુરમાં ગયા વર્ષે જે બ્રિજ તૂટી પડ્યો હતો તે બનાવનારી કંપનીએ પણ ચૂંટણી બોન્ડ ખરીદ્યા હતા

નવી દિલ્હી, તા.૨૦

એસપી સિંગલ કન્સ્ટ્રક્શન્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીએ, ૧૦ મે, ૨૦૧૯ના રોજ, એક જ દિવસે રૂા.૭૫ લાખના બોન્ડ ખરીદ્યા હતા. આ તે કંપની છે જે બિહારમાં બે બ્રિજ તૂટી પડવાના કારણે સમાચારમાં રહેવાની શંકાસ્પદ વિશિષ્ટતા ધરાવે છે. બિહારના ભાગલપુર અને ખગરિયાને જોડવા માટે નિર્માણાધીન પુલ પ્રથમ ૩૦ એપ્રિલ, ૨૦૨૩ના રોજ અને પછી બીજી વખત ૪ જૂને તૂટી પડ્યો હતો. મુખ્ય પ્રધાન નીતિશ કુમારે તે સમયે કામની નબળી ગુણવત્તા અને પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં વિલંબ વિશે વાત કરી હતી. તે સમયે સમાચારના અહેવાલો અનુસાર. "તેનું બાંધકામ યોગ્ય રીતે થઈ રહ્યું નથી તેથી જ તે વારંવાર તૂટી રહ્યો છે. વિભાગ તેની તપાસ કરશે અને પગલાં લેવામાં આવશે," તેમણે બિઝનેસ ટુડે દ્વારા ટાંકીને જણાવ્યું હતું. ત્યારે નવભારત ટાઈમ્સે તેને બિહારમાં 'ભ્રષ્ટાચારનું પ્રતીક' ગણાવ્યું હતું. NDTVએ ફોર-લેન બ્રિજના પતનને 'પત્તાના ઘર' જેવું ગણાવ્યું હતુ. બિહારમાં આ પુલ નવેમ્બર ૨૦૧૯ સુધીમાં પૂર્ણ થવાનો હતો. અહેવાલોમાં જણાવાયું છે કે, ત્રણ વર્ષના વિલંબ પછી, પુલ તૂટી પડવાને કારણે પ્રોજેક્ટ પૂર્ણ થવામાં જ વિલંબ થયો છે. કંપનીએ ઓગસ્ટમાં પટના હાઈકોર્ટને જણાવ્યું હતું કે, તે સમગ્ર ૩.૧૬-કિલોમીટર-લાંબા પુલનું પુર્નઃ નિર્માણ કરવા માટે તૈયાર છે અને તેનો અંદાજિત ખર્ચ ૧,૭૧૦ કરોડ રૂપિયા છે." સત્તાવાળાઓ દ્વારા કંપની ઉપર વધુ કાર્યવાહી અંગે કોઈ શબ્દ ઉચ્ચારવામાં નથી આવ્યો. મે, ૨૦૧૯માં ખરીદેલા ઈલેક્ટોરલ બોન્ડના પ્રાપ્તકર્તા કોણ હોઈ શકે તે હજુ સ્પષ્ટ નથી. તે સમયે કેન્દ્રમાં ભાજપ સત્તામાં હતું અને પટનામાં પણ JD(U)-BJPએ નવી સરકાર બનાવી હતી. કંપનીએ તેની વેબસાઈટ ઉપર ભારતભરમાં નદીઓ પર ૨૭ પુલ પૂરા કર્યા હોવાનું ગૌરવ દર્શાવ્યું છે. તે ઉત્તરાખંડમાં હરિદ્વાર બાયપાસ પેકેજ ૧ના ફોર-લેનિંગ, આસામના જોગીઘોપા ખાતે બ્રહ્મપુત્રા પર નવા દ્વિ-માર્ગી પુલનું નિર્માણ અને ગુજરાતમાં ઓખા અને બેટ દ્વારકા વચ્ચે ફોર-લેન સિગ્નેચર બ્રિજનું નિર્માણ કામ ચાલુ છે.

# ભારત મધ્ય પૂર્વમાં મોટી શક્તિ તરીકે ઊભરી રહ્યું છે : US મેગેઝિન

નવી દિલ્હી, તા.૨૦

ભારત મધ્ય પૂર્વમાં મુખ્ય શક્તિ તરીકે ઉભરી રહ્યું છે અને આ ક્ષેત્રમાં નવી દિલ્હીના સત્તાના અંદાજને ગંભીરતાથી લેવાનો સમય આવી ગયો છે, વૈશ્વિક બાબતો ઉપર યુએસ સ્થિત મેગેઝિન ફોરેન પોલિસીમાં એક લેખમાં જણાવાયું છે. લેખક સ્ટીવન એ કૂકે, તેમની ભારતની અગાઉની મુલાકાતોમાંથી એકનો ઉલ્લેખ કર્યો હતો, જેના પછી તેમણે કહ્યું હતું કે તેઓ મધ્ય પૂર્વમાં ભાવિ ભારતીય ભૂમિકા વિશે શંકાશીલ હતા. અલબત્ત, ભારત અને મધ્ય પૂર્વના દેશો પહેલેથી જ વિવિધ રીતે એકબીજા સાથે જોડાયેલા હતા. ભારત અને ઈઝરાયેલ વચ્ચે ઉભરતા સૈન્ય અને ટેકનોલોજી સંબંધ હતા. ભારત મધ્ય પૂર્વમાંથી પણ ઘણું તેલ આયાત કરે છે. તેમ છતાં અધિકારીઓ, રાજદ્વારીઓ, સેનાપતિઓ અને વિશ્લેષકો સાથેની મારી વાતચીત પછી મને લાગ્યું કે ભારતીયો મધ્ય પૂર્વમાં મોટી ભૂમિકા ભજવવા માંગતા નથી, તેમણે લેખમાં લખ્યું. જો કે, તેમણે કહ્યું કે તેઓ માને છે કે હવે વસ્તુઓ બદલાઈ ગઈ છે અને ભારત મધ્ય પૂર્વમાં એક મુખ્ય ખેલાડી તરીકે ઉભરી રહ્યું છે. જો કે મારી મુલાકાત પછીના ૧૦ વર્ષમાં વસ્તુઓ બદલાઈ ગઈ છે. જ્યારે અમેરિકી અધિકારીઓ અને વિશ્લેષકો બેઈજિંગના દરેક રાજદ્વારી પગલા ઉપર ઉત્સાહિત છે અને મધ્ય પૂર્વમાં ચીનના રોકાણને શંકાની નજરે જુએ છે, ત્યારે વોશિંગ્ટન વર્ષોમાં આ ક્ષેત્રમાં સૌથી રસપ્રદ ભૌગોલિક રાજકીય વિકાસની અવગણના કરી રહ્યું છે. ભારત મધ્ય પૂર્વમાં એક મુખ્ય ખેલાડી તરીકે ઉભરી રહ્યું છે કૂકે કહ્યું. તેમણે ઉમેર્યું હતું કે આ ક્ષેત્રમાં નવી દિલ્હીના સંબંધોની વાત આવે ત્યારે ભારત-ઈઝરાયેલ સંબંધો કદાચ સૌથી વધુ વિકસિત છે. ભારતે ૧૯૫૦માં ઈઝરાયેલને માન્યતા આપી હોવા છતાં બંને દેશોએ ૧૯૯૨ સુધી સામાન્ય રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા ન હતા. ત્યારથી, ખાસ કરીને તાજેતરના વર્ષોમાં, તેઓએ તેમના સંબંધો વધુ ગાઢ બનાવ્યા છે.સ્ટોક હોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટને ટાંકીને, કૂકે જણાવ્યું હતું કે ઈઝરાયેલ ૨૦૨૧માં ભારતના ટોચના ત્રણ શસ્ત્ર સપ્લાયર્સમાં હતું. કૂકે વધુમાં જણાવ્યું હતું કે ગલ્ફ, યુનાઈટેડ અરબ અમીરાત અને સઉદી અરેબિયા આક્રમક રીતે ભારત સાથેના સંબંધોને વિસ્તૃત કરવાના માર્ગો શોધી રહ્યા છે, જે એક નોંધપાત્ર પરિવર્તન છે કારણ કે બંને દેશો, પરંતુ ખાસ કરીને બાદમાં, લાંબા સમયથી પાકિસ્તાન સાથે જોડાયેલા છે.

# 'ભાજપની અસર': પશ્ચિમ બંગાળના DGP રાજીવ કુમારને હટાવવા ઉપર ચૂંટણી પંચ સામે તૃણમૂલનો પ્રહાર

નવી દિલ્હી, તા. ૨૦

ચૂંટણી પંચે તાજેતરમાં પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિર્દેશક રાજીવ કુમારને હટાવવાનો આદેશ આપ્યો હતો. ચૂંટણી પંચ દ્વારા પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિર્દેશક રાજીવ કુમારને હટાવવા અંગે તૃણમૂલ કોંગ્રેસના નેતા કુણાલ ઘોષે ભાજપ ઉપર પ્રહાર કરતા કહ્યું કે આ પગલું શાસક પક્ષનું "પ્રતિબિંબ" છે. ટીએમસીએ જણાવ્યું કે, "અમે જોયું છે કે ભાજપ મુખ્ય ચૂંટણી કમિસહિત વિવિધ સંસ્થાઓને કબજે કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. તેમણે કેન્દ્રીય એજન્સીઓ અને વિવિધ સંગઠનો ઉપર નિયંત્રણ મેળવ્યું છે. આ કિસ્સામાં પણ લોકસભા ચૂંટણીની જાહેરાત પછી આજે આપણે જે જોયું તે ભાજપનું પ્રતિબિંબ છે." કુણાલ ઘોષે ઉમેર્યું કે, "તેઓ જાણે છે કે લોકસભાની ચૂંટણીમાં પશ્ચિમ બંગાળની મોટાભાગની સીટો ઉપર ભાજપનો પરાજય થશે તેમનું સંગઠન ખૂબ જ નબળું છે, ખૂબ જ નબળું છે અમને વિશ્વાસ છે કે ભાજપ કેટલાક અધિકારીઓની બદલી કરી શકે છે પરંતુ જનતા તેની સાથે છે. તૃણમૂલ કોંગ્રેસ અને દીદી (મમતા બેનરજી) ભાજપને ફરી હરાવી દેશે." ચૂંટણી પંચે સોમવારે કુમારને હટાવવાનો આદેશ આપ્યો હતો કમિશનના પ્રયાસોના ભાગરૂપે સમાન સ્તર જાળવવા અને ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે પગલું ભરાયું હતું. ચૂંટણી પંચે રાજ્યના મુખ્ય સચિવને સોમવારે ૫ વાગ્યા સુધીમાં કુમારની બદલી માટે ત્રણ પાત્ર અધિકારીઓની યાદી આપવા જણાવ્યું છે. મનોજ માલવિયાની નિવૃત્તિ પછી ડિસેમ્બર ૨૦૨૩માં ડીજીપી તરીકે નિયુક્ત કરાયેલા કુમાર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના નજીકના ગણાય છે. ૨૦૧૯માં સીબીઆઈએ કુમાર ઉપર શારદા કૌભાંડની તપાસમાં પુરાવાઓને કથિત રીતે દબાવવા અને નષ્ટ કરવાનો આરોપ મૂક્યો અને તેમના સ્થાનની તપાસ કર્યા પછી મુખ્યમંત્રીએ બે દિવસના ધરણા કર્યા હતા.

# ત્રીજા વિશ્વ યુદ્ધથી બસ એક પગલું દૂર : પુતિનની નાટોને ચેતવણી

## ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનની એ સલાહ કે, યુક્રેનની મદદ માટે પશ્ચિમી દેશો સૈન્ય મોકલવાની સંભાવનાને નકારી ના શકે, તેના ઉપર રશિયાના રાષ્ટ્રપતિએ નાટોને આ ચેતવણી ઉચ્ચારી હતી



(એજન્સી) તા.૨૦

રશિયામાં હાલમાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વ્લાદિમીર પુતિને રેકોર્ડ લીડ સાથે જીત મેળવી હતી, આ સાથે તેઓ પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા છે. જો કે, આ ચૂંટણીમાં એમની સામે કોઈ મજબૂત ઉમેદવાર ન હતા. પરિણામો અનુસાર, વ્લાદિમીર પુતિનને ૮૮% મત મળ્યા હતા. મતદાનની ગણતરી પછી જીત અંગે પ્રથમ પ્રતિક્રિયા આપતા પુતિને કહ્યું કે, તેમની જીત 'રશિયાને વધુ મજબૂત અને વધુ અસરકારક બનાવશે.' પુતિન પ્રથમ વખત વર્ષ ૧૯૯૯માં સત્તા ઉપર આવ્યા હતા, હાલની ચૂંટણીમાં વિજય બાદ તેમણે જોસેફ સ્ટાલિનને પાછળ છોડીને રશિયામાં સૌથી લાંબા સમય સુધી સત્તા ઉપર રહેવાનો રેકોર્ડ બનાવ્યો છે. મતદાન ગણતરી મુજબ સામ્યવાદી ઉમેદવાર નિકોલાઈ ખારીતોનોવ ૪%થી ઓછા મત સાથે બીજા ક્રમે, વ્લાદિસ્લાવ દાવાન્કોવ ત્રીજા અને લિયોનીદ સ્લુત્સ્કી ચોથા સ્થાને રહ્યા હતા. યુક્રેન ઉપર રશિયાના હુમલાના બે વર્ષ પછી ચૂંટણી યોજાઈ છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ એમેન્યુઅલ મેક્રોને ગયા મહિને કહ્યું હતું કે, ભવિષ્યમાં યુક્રેનની ભૂમિ ઉપર સૈનિકો મોકલવામાં આવી શકે છે, ભલે ઘણા પશ્ચિમી દેશો તેનાથી દૂર રહે. તેમણે પૂર્વીય યુરોપ અને યુક્રેનને તેમનું સમર્થન આપ્યું હતું. આ અંગે પુતિને કટાક્ષ કર્યોઃ 'આધુનિક વિશ્વમાં બધું જ શક્ય છે.' રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ફરી એકવાર યુરોપ અને અમેરિકાને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે, રશિયા અને યુએસની આગેવાની હેઠળના નાટો વચ્ચે સીધો સંઘર્ષ થતાં પૃથ્વી ત્રીજા વિશ્વયુદ્ધથી એક પગલું દૂર હશે, પરંતુ આજના સમયમાં ભાગ્યે જ કોઈ એવી સ્થિતિ ઈચ્છે છે. યુક્રેન-રશિયા યુદ્ધને કારણે ૧૯૬૨ની ક્યુબન મિસાઈલ કટોકટી પછી પશ્ચિમી દેશો અને રશિયાના સંબંધો આટલી ખરાબ સ્થિતિમાં છે. અગાઉ પણ પુતિન ઘણીવાર પરમાણુ યુદ્ધના અંગે ચેતવણી આપી ચૂક્યા છે. તેમણે કહ્યું કે, યુક્રેનમાં પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાની જરૂર નથી લાગતી. પુતિને કહ્યું કે, નાટો સૈનિકો પહેલેથી જ યુક્રેનમાં હતા, રશિયનોએ યુદ્ધના મેદાનમાં બોલાતી અંગ્રેજી અને ફ્રેન્ચ બંને ભાષાઓ શીખી લીધી છે. અગાઉ, ૧૪ માર્ચે પુતિને નાટો દેશોને યુક્રેનમાં સૈનિકો તૈનાત ન કરવા ચેતવણી આપી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આ પ્રકારનું પગલું રશિયા પરમાણુ યુદ્ધ તરફ વળવા તરફ પાયો નાખશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનની એ સલાહ કે યુક્રેનની મદદ માટે પશ્ચિમી દેશો સૈન્ય મોકલવાની સંભાવનાને નકારી ના શકે, તેના પર રશિયાના રાષ્ટ્રપતિએ નાટોને આ ચેતવણી ઉચ્ચારી હતી.

# ગાઝાના બાળકોમાં રડવાની તાકાત પણ હવે નથી બચી : UNICEF

(એજન્સી) તા.૨૦

યુએન ચિલ્ડ્રન્સ એજન્સીનું કહેવું છે કે, ગાઝામાં ઈઝરાયેલી આક્રમણથી ૧૩,૦૦૦થી વધુ બાળકો માર્યા ગયા છે, જેમાં ઘણાં બાળકો ગંભીર કુપોષણથી પીડાતા હતા અને રડવાની તાકાત પણ ધરાવતા ન હતા. યુનિસેફના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કેથરિન રસેલે રવિવારના રોજ CBS ન્યૂઝને જણાવ્યું હતું કે, હજારો વધુ ઘાયલ થયા છે અને સંસ્થા તેઓ ક્યાં છે તે પણ નક્કી કરી શકતી નથી. અમે વિશ્વના લગભગ કોઈપણ અન્ય સંઘર્ષમાં બાળકોમાં મૃત્યુનો દર જોયો નથી, તેમણે કહ્યું, હું ગંભીર એનિમિયા કુપોષણથી પીડિત બાળકોના વોર્ડમાં હતી, આખો વોર્ડ એકદમ શાંત છે. કારણ કે બાળકોને રડવા માટે તાકાત પણ નથી હોતી.

# કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ રાજ્યમાં પ્રથમ મતદાન થઈ રહ્યું છે ત્યારે જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની આ બેઠકો ઉપર સ્પર્ધા

જમ્મુ તા.૨૦

જમ્મુ અને કાશ્મીર ૨૦૧૯માં સામાન્ય ચૂંટણીના મહિનાઓ પછી તેને વિભાજિત અને કેન્દ્રશાસિત પ્રદેશના દરજ્જામાં ડાઉનગ્રેડ કર્યા પછી હવેજ લોકસભાની ચૂંટણી એ પ્રથમ મોટી ચૂંટણી હશે. જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની કુલ પાંચ બેઠકો છે - જેમાંથી ત્રણ હાલમાં નેશનલ કોન્ફરન્સ પાસે છે અને બે ભાજપ પાસે છે. જૂન ૨૦૧૮માં પીડીપી-ભાજપ સરકારના પતન પછી આ કેન્દ્રશાસિત પ્રદેશ કેન્દ્રીય શાસન હેઠળ છે. છેલ્લી વિધાનસભા ચૂંટણી ૨૦૧૪માં જમ્મુ અને કાશ્મીરમાં યોજાઈ હતી. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી J&K પુર્નઃગઠન કાયદાના ભાગ રૂપે મે ૨૦૨૨માં સીમાંકન કવાયત પૂર્ણ થઈ હતી. ત્યાંથી ૯૦ વિધાનસભા અને પાંચ સંસદીય મતવિસ્તારની સીમાઓમાં સુધારો થયો હતો. કેન્દ્રશાસિત પ્રદેશમાં લોકસભાની ચૂંટણી સાત તબક્કાની ચૂંટણીઓમાંથી પ્રથમ પાંચ ચરણમાં યોજાશેઃ ૧૯ એપ્રિલ (ઉધમપુર), ૨૬ એપ્રિલ (જમ્મુ), ૭ મે (અનંતનાગ-રાજૌરી), ૧૩ મે (શ્રીનગર) અને ૨૦ મે (બારામુલ્લા). ૪ જૂને પરિણામ જાહેર થશે.

જમ્મુ અને કાશ્મીરમાં ધ્યાન રાખવા જેવી મુખ્ય સંસદીય બેઠકો નીચે મુજબ છે :-

૧. ઉધમપુર : કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સહ અહીં ભાજપના ઉમેદવાર તરીકે જીતની હેટ્રિક માટે પ્રયાસ કરશે. સિંહે ૨૦૧૯માં ઉધમપુર લોકસભા બેઠક જાળવી રાખી હતી, કોંગ્રેસના વિક્રમાદિત્ય સિંહ, જે મહારાજા હરિ સિંહના પૌત્ર છે, તેમને ૩,૫૩,૨૭૨ મતોના વિશાળ માર્જિનથી હરાવ્યા હતા. ૨૦૧૪માં સિંહે પૂર્વ કેન્દ્રીય મંત્રી ગુલામ નબી આઝાદને ૬૦,૯૭૬ મતોથી હરાવ્યા હતા.

૨. શ્રીનગર : આ બેઠક હાલમાં નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને પૂર્વ મુખ્યપ્રધાન ફારૂક અબ્દુલ્લા પાસે છે, પીડીપીના સાંસદ તારિક હમીદ કારાના રાજીનામા પછી આ ચૂંટણી જરૂરી છે, જેમણે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં અબ્દુલ્લા પાસેથી આ બેઠક જીતી હતી. અબ્દુલ્લાએ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓમાં ફરીથી સીટ જીતી, અને તેમના નજીકના પીડીપી હરીફ આગા સૈયદ મોહસીનને ૭૦,૦૦૦થી વધુ મતોના માર્જિનથી હરાવ્યા હતા. કારા ફેબ્રુઆરી ૨૦૧૭માં કોંગ્રેસમાં જોડાયા હતા.

૩. અનંતનાગ-રાજૌરી : આ સંસદીય મતવિસ્તારમાં દક્ષિણ કાશ્મીરના અનંતનાગ, શોપિયાં અને કુલગામ જિલ્લાઓ અને જમ્મુ ક્ષેત્રમાં રાજૌરી અને પૂંચના સરહદી જિલ્લાઓના મોટાભાગના ભાગો આવરી લેવામાં આવ્યા છે. સીમાંકન પેનલ દ્વારા પુર્નઃરચના પછી આ સીટ હાલમાં નેશનલ કોન્ફરન્સના નેતા અને પૂર્વ ન્યાયાધીશ હસનૈન મસૂદી પાસે છે જેમણે પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તી પાસેથી આ સીટ જીતી લીધી હતી.

### લોકસભાના ઉમેદવાર મિહિરભાઈ કોટેચાને હસ્તે હર્ષ મારાજ સંચાલિત

# 'રામજી કી રોટી' દ્વારા દાતા હિરાલાલભાઈ મૃગ અને ટ્રસ્ટીના માધ્યમથી અન્નદાન વિતરણ થયું



મુંબઈ તા. ૨૦

લોકસભાના ઉમેદવાર માટે બીજેપી દ્વારા ઈશાન્ય મુંબઈ માટે પસંદગીનો કળશ કાર્યદક્ષ વર્તમાન વિધાયક મિહિરભાઈ કોટેચા ઉપર ઢોળવામાં આવ્યો છે. લોકચાહના પ્રાપ્ત મિહિરભાઈ કોટેચા ઉપર અભિનંદનનો વરસાદ વરસી રહ્યો છે. શુભેચ્છકો એમનું મોમેન્ટો, બુકે, શાલ સાથે અભિવાદન કરી રહ્યા છે. આ પાર્શ્વભૂમિમાં દાતાશ્રી, સમાજશ્રેષ્ઠી હિરાલાલભાઈ મૃગે આગવી રીતે એમને શુભેચ્છા આપવાનું નક્કી કર્યું. તા.૧૫-૩-૨૪ના રોજ દેવીદયાલ રોડ સ્થિત મિહિરભાઈ કોટેચાના કાર્યાલયની બહાર એમના હસ્તે હર્ષ મારાજ સંચાલિત 'રામજી કી રોટી' દ્વારા દાતા હિરાલાલભાઈ મૃગ અને ટ્રસ્ટી લાલજી સરના માધ્યમથી પ્રતિક રૂપે થોડાક જરૂરતમંદોને હર્ષ મારાજના મંત્રોચ્ચાર સાથે અન્નદાન મીઠાઈ સાથે વિતરણ કરવામાં આવ્યું હતું. હિરાલાલભાઈ મૃગે મિહિરભાઈ કોટેચા અને સાથે રહેલ શાંતિલાલ ઠક્કર સહિત સર્વેનું ખેસ પહેરાવી અભિવાદન કર્યું હતું ત્યારે સર્વત્ર ખુશાલીનો માહોલ છવાઈ ગયો હતો. આ તબક્કે ટ્રસ્ટી લાલજી સરે રામજી કી રોટી પરિવાર વતી મિહિરભાઈની સફળતાનો ઘોષનાદ કર્યો, જેમાં સર્વે ઉપસ્થિતો જોડાયા હતા. દિરદ્ર નારાયણોની દુવાઓ મળી. આ એક પ્રેક્ષણીય દૃશ્ય બની રહ્યું હતું. હિરાલાલભાઈની આ પહેલ પ્રશંશનીય બની રહી હતી.

ત્યારબાદ વિશ્વમોહિની બીલ્ડીંગ 'રામજી કી રોટી' સેંન્ટરમાં ૨૫૦થી વધુ જરૂરતમંદોને મિષ્ટાન્ન અને છાશ સાથેનું અન્નદાન દાતા હિરાલાલભાઈ મૃગ તરફથી કરવામાં આવ્યું હતું જેમાં પણ લાલજી સર અને શાંતિલાલભાઈ ઠક્કર જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ધીરજ મારાજ અને શ્રી હર્ષ મારાજના સંચાલનમાં મુલુંડ પશ્ચિમમાં એન. એસ. રોડ સ્થિત વિશ્વ મોહિની બીલ્ડીંગમાં ચાલતા 'રામજી કી રોટી' સેંટરમાં દરરોજ લગભગ ત્રણસો જેટલા જરૂરતમંદોને દાળ, ભાત, શાક, રોટલી, ફરસાણ અને સમયાંતરે મિષ્ટાન્ન સાથેનું સાત્વિક ભોજન આપવામાં આવે છે. દાતાઓ આ દરિદ્ર નારાયણોના આશીર્વાદ સાથે અહીં આવેલી નાની ગૌશાળામાં ગૌ પૂજન તેમજ અહીંના મંદિરમાં પૂજનનો-ત્રિવિધ લાભ મેળવે છે.

આવા સેવાયજ્ઞની માહિતી માટે હર્ષ મારાજ ૯૮૩૩૦-૨૭૫૨૭, ટ્રસ્ટી- લાલજી સર ૯૮૯૨૦૦૬૬૨૮ નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### મેં વિશ્વાસ કર્યો એ સૌથી મારી મોટી ભૂલ હતી:કોન્સ્ટેબલ

# ગુજરાતમાં બીજી મહિલા કોન્સ્ટેબલનો આપઘાત

## પીએમ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ મહિલા પોલીસ કોન્સ્ટેબલના મૃતદેહનો કબ્જો પરિવારજનોને સોંપવામાં આવ્યો

સુરત, તા.૨૦

સુરતના સિંગણપોર વિસ્તારમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલના આપઘાત કેસ મામલે પોલીસે સુસાઇડ નોટના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બીજી તરફ સમગ્ર કેસમાં ન્યાયિક તપાસની માંગ મૃતકના પરિવારે કરી છે. મહિલા પોલીસ કોન્સ્ટેબલના આપઘાત મામલે આજ રોજ સુરત સ્મીમેર હોસ્પિટલ ખાતે સુરત પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

સુરતના સિંગણપોર પોલીસ મથકમાં ફરજ બજાવતી વર્ષાબેન ચૌધરી નામની મહિલા પોલીસ કોન્સ્ટેબલે સિંગણપોર વિસ્તારમાં આવેલા મહેશ્વરી એપાર્ટમેન્ટના ફ્લેટમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ગત રોજ મોડી સાંજે મહિલા પોલીસ કોન્સ્ટેબલના આપઘાત મામલે ઘટના સ્થળ પર પહોંચેલી પોલીસે તપાસનો દૌર શરૂ કર્યો હતો. સિંગણપોર પોલીસની તપાસમાં ઘટના સ્થળ પરથી મૃતક દ્વારા લખવામાં આવેલી સુસાઇડ નોટ પોલીસે કબજે કરી ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી હતી. મહિલા પોલીસ કોન્સ્ટેબલના મૃતદેહને પીએમ અર્થે સુરત સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આજરોજ પીએમ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ મહિલા પોલીસ કોન્સ્ટેબલના મૃતદેહનો કબ્જો પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. જે દરમિયાન સુરત પોલીસ દ્વારા મહિલા પોલીસ કોન્સ્ટેબલને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. જે બાદ પરિવારજનો મૃતદેહને લઈ અંતિમ વિધિ માટે નિવાસસ્થાન ખાતે લઈ ગયા હતા. જોકે આ દરમિયાન મૃતકના પરિવારજનોએ સમગ્ર કેસમાં ન્યાયિક તપાસની માંગ કરી છે.

મહત્વનું છે કે મહિલા પોલીસ કોન્સ્ટેબલ સુરતના સીંગણપોર પોલીસ મથકમાં ફરજ બજાવતી હતી. ક્યારે મહિલા પોલીસ કોન્સ્ટેબલે એવી તો શું મજબૂરી હતી કે આપઘાત કરવાની ફરજ પડી જે સૌથી મોટો તપાસનો વિષય હાલ પોલીસ માટે બની રહે છે. સુસાઇડ નોટ અને પોલીસની તપાસ પર હવે સમગ્ર દારોમદાર છે. ત્યારે જોવાનું એ રહે છે કે પોલીસ તપાસમાં હવે કયા નવા ખુલાસા મહિલા પોલીસ કોન્સ્ટેબલના આપઘાતને લઈ બહાર આવે છે.

### રબારીના છોકરા વિશે ખરાબ બોલે છે કહી ધમકાવ્યો

# વિદ્યાર્થીને મારી ૨૩ હજારની મત્તા પડાવી લીધી

## વિદ્યાર્થીનું અપહરણ કરી તેના પર્સમાં રહેલા રોકડા અને બેંકમાંથી પૈસા પડાવી લીધા હતા, આ અંગે વસ્ત્રાપુર પોલીસે ૬ શખસો સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે

અમદાવાદ, તા.૨૦

રબારીના છોકરા વિશે કેમ ખરાબ ખરાબ બોલે છે હવે તારે આબરુ આપવી પડશે કહીને જીએલએસના કોલેજના સ્ટુડન્ટ પાસે ૨ લાખી આબરુ માંગી હતી. વિદ્યાર્થીનું અપહરણ કરી તેના પર્સમાં રહેલા રોકડા અને બેંકમાંથી પૈસા પડાવી લીધા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે ૬ શખસો સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

વેજલપુર વિસ્તારમાં આવેલા વિનસપાર્ક લેન્ડ ખાતે વિવેકરાજ ગઢવી(ઉ.૧૯) પરિવાર સાથે રહે છે. વિવેકરાજ નવરંગપુરા જીએલએસ યુનિવર્સિટી આઈએમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેના પિતા દિપકદાન રાજપથ રંગોલી રોડ પર એપીક હોસ્પિટલમાં કેન્ટીનનો કોન્ટ્રાક્ટ વેપાર કરતા હોવાથી તેમને મદદ કરવા માટે અમુક સમય ત્યા જતા હોય છે. ગત ૧૮મી માર્ચના રોજ વિવેકરાજ અને તેના પિતા કેન્ટીન પર હાજર હતા. આ સમયે તેનો મિત્ર પ્રેમ દેસાઈનો ફોન આવ્યો હતો કે, ડ્રાઈવીન સિનેમા પાસે આઈસ લેન્ડ પાન પાર્લર પર છું તુ જલદી આવ તેમ કહ્યું હતું પરંતુ વિવેકરાજને કામ હોવાથી તે ગયો ન હતો. ત્રણ ત્રણ વાર કોલ આવતા એવું લાગ્યું કે કંઇ કામ હશે તેથી વિવેકરાજ અને તેનો મિત્ર યશ પટેલ બંને પાન પાર્લર પર ગયા હતા. આ સમયે તેની સાથે અન્ય મિત્રો પણ હાજર હતા. આ સમયે યશને દુર બેસવાનું કહીને આ ટોળકીએ વિવેકરાજને પુછ્યું કે, તને કુષાંતથી શુ તકલીફ છે. બાદમાં આ શખશો ઝઘડો કરવા લાગ્યા હતા. જેથી વિવેકરાજે ઝઘડો કરવાના ના પાડી હતી. દરમિયાનમાં પાર્થ દેસાઈ અને જૈનીલે ક્રેટા કારમાં વિવેકરાજને પરાણે બેસાડી દીધો હતો. બાદમાં કારમાં બેઠેલા શખસો ટાઈગર દેસાઈને ફોન કર્યો અને રબારીના છોકરાને જેમ તેમ બોલે છે આના હાથ પગ તોડી નાખવાના છે તેમ જણાવતા આ ટાઈગર દેસાઈએ આબરુ આપે તો જવા દો તેમ કહેતા. ૨ લાખની આબરુ માંગી હતી. ૨ લાખ આપ નહી તો જવા નહી દઈએ તેમ કહીને પર્સમાં રહેલા બેંકમાં રહેલા પૈસા કાઢી લીધા હતા. બાદમાં આ ટોળકી ભાગી ગઈ હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે પાર્થ દેસાઈ, જૈનીલ ઉર્ફે જય દેસાઈ, ટાઈગર સનાથલ, દીપ રામપુરા, કુષાંત દેસાઈ અને પ્રેમ દેસાઈ સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

### જામખંભાળિયા નજીકની ઘટના

# ખાનગી કંપનીના કર્મચારીઓ પર ડમ્પર ચડાવી હત્યાનો પ્રયાસ થયો

જામખંભાળિય, તા. ૨૦

જામખંભાળિયા નજીક ખાનગી કંપનીના કર્મચારીઓ ઉપર ડમ્પર ચડાવી અને હત્યાના કરવામાં આવ્યો. ખંભાળિયાના એસ્સાર કંપનીની સિક્યુરિટીમાં ફરજ બજાવે છે. એસ્સાર કંપનીનીના કર્મચારીઓએ હત્યાના પ્રયાસ મામલે ફરિયાદ નોંધવી છે.

પોલીસ ફરિયાદ મુજબ યોગેશ્વરનગર-૧ વિસ્તારના રહેવાસી જુવાનસિંહ બનેસંગ જાડેજા અને તેમના સાથી કર્મચારીઓ પર ૧૭મીના રોજ રાત્રે ૯ઃ૩૦ વાગ્યાના સમયે પરોડીયા ગામના વાડી વિસ્તારની સીમમાં તેમની ફરજ પર રહ્યા હતા. ત્યારે આ સ્થળેથી પસાર થતા એક ડમ્પરને તેઓએ હાથના ઈશારાથી અટકાવ્યું હતું. આ ડમ્પર ચલાવતા અજાણ્યા શખ્સએ ડમ્પરમાં બ્રેક મારી હતી.

પરંતુ અહીં રહેલા સિક્યુરિટીના જુવાનસિંહ જાડેજા તેમજ અન્ય કર્મચારીઓ ડમ્પર નજીક પહોંચતા તેઓને કચડી નાખી અને મારી નાખવાના ઈરાદાથી તેના પર ડમ્પર ચડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વધુમાં ફરિયાદી જુવાનસિંહ જાડેજાએ જણાવ્યું કે ડમ્પર બેઠેલા એક વ્યક્તિ કે જેનું નામ રાયદે ડોસલ ગઢવી છે અને તે પરોડીયા ગામનો રહેવાસી છે તેઓ કહી રહ્યા હતા કે તેમના ઉપર ચડાવી દો. આજે તો જાનથી મારી નાખવા છે. આમ કહેતા જ લોંખડની પાઈપ કાઢી મારવા પ્રયાસ કર્યો હતો. અને સિક્યુરિટીના વાહનમાં તોડફોડ કરી હતી. આથી મારી સાથે અન્ય કર્મચારીઓએ પણ ત્યાંથી ભાગી ગયા. આ સમગ્ર મામલે સલાયા મરીન પોલીસે પરોડીયા ગામના રાયદે ડોસલ ગઢવી, ભરત રાયદે ગઢવી અને એક અજાણ્યા શખ્સ સામે આઈ.પી.સી. કલમ ૩૦૭, ૪૨૭, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અકસ્માતથી બચાવતા હેલ્મેટનો દુરઉપયોગ

# હેલ્મેટનો દુરઉપયોગ કરીને ચોરી કરતો આરોપી ઝડપાયો

સુરત, તા.૨૦

હેલ્મેટ ન પહેરનારાઓ સામે ટ્રાફિક પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. આટલું જ નહીં, હેલ્મેટ પહેરનારાઓને ભારે દંડનો પણ સામનો કરવો પડી રહ્યો છે. વાસ્તવમાં હેલ્મેટ ન પહેરવું એ પહેલાથી જ નિયમો તોડવામાં સામેલ હતું પરંતુ હવે યોગ્ય રીતે હેલ્મેટ ન પહેરવાનું પણ ટ્રાફિકના નિયમોમાં સામેલ કરવામાં આવ્યું છે. હેલ્મેટ પહેરવું ફરજીયાત છે જેથી તમે સુરક્ષિત રહી શકો અને દંડથી બચી શકો છો પણ હેલ્મેટનો સુરતમાં ચોંકાવનારો ઉપયોગ સામે આવ્યો છે.

બાઈકચાલકને અકસ્માતથી બચાવતા હેલ્મેટનો દુરઉપયોગ કરીને ચોરી કરતો શાતિર આરોપી પોલીસના સકંજામાં આવ્યો છે.સુરતના સલાબતપુરા વિસ્તારમાં પોતાની ઓળખ છુપાવવા માટે હેલ્મેટ પહેરીને ચોરી કરતો શખ્શ ઝડપાયો છે. પોલીસે આરોપી સાવરદાસની ધરપકડ કરી છે.પોતાની ઓળખ સામે ન આવે એટલા માટે આરોપી હેલ્મેટ પહેરીને ચોરીને અંજામ આપતો હતો.

# કનુ કલસરિયાએ ભાજપમાં જોડાવાની અટકળો પર મુક્યુ પૂર્ણ વિરામ

### ડૉ કનુ કલસરિયાએ ભાજપ પ્રદેશ પ્રમુખ પાટીલ સાથે મુલાકાત કરી હતી. જો કે એ બાદ તેમની ભાજપમાં જોડાવાની ચર્ચાઓએ જોર પકડ્યુ હતુ

મહુવા, તા.૨૦

મહુવાના પૂર્વ ધારાસભ્ય અને જાયન્ટ કિલર તરીકેની છાપ ધરાવતા કનુ કલસરિયાએ તેમના ભજપમાં જોડાવાની અટકળો પર પૂર્ણવિરામ મુક્યુ છે.

તળાજાની મણાર ગામની સભામાં કનુ કલસરિયાએ મહત્વનું નિવેદન આપ્યુ હતુ.

ભાવનગરના મહુવાના પૂર્વ ધારાસભ્ય રહેલા અને એક સમયના જાયન્ટ કિલર નેતા તરીકેની છાપ ધરાવતા કનુ કલસરિયાએ તેમના ભાજપના જોડાવાની અટકળો પર જાતે જ પૂર્ણ વિરામ મુક્યુ છે. હજુ થોડા દિવસો પહેલા જ એક સમયના ભાજપના કદાવર નેતા ગણાતા અને નરેન્દ્ર મોદી પણ જેમને ડૉક્ટર સાહેબ કહીને સંબોધતા હતા તે ડૉ કનુ કલસરિયાએ ભાજપ પ્રદેશ પ્રમુખ પાટીલ સાથે મુલાકાત કરી હતી. જો કે એ બાદ તેમની ભાજપમાં જોડાવાની ચર્ચાઓએ જોર પકડ્યુ હતુ. જેના પર કનુ કલસરિયાએ જણાવ્યુ હતુ કે તેઓ એક સપ્તાહની અંદર નિર્ણય કરીને જણાવશે.

તળાજાના મણાર ગામની સભામાં આ અટકળો પર કનુકલસરિયાએ એવુ કહીને ઠંડુ પાણી રેડી દીધુ છે કે હાલ કોઈપણ પાર્ટીમાં જોડાવાની ઈચ્છા નથી. ભાજપમાં જોડાવા માટે મારુ મન માનતુ નથી. વધુમાં તેમણે જણાવ્યુ કે મારી ખેડૂતોના પ્રશ્નો માટેની લડાઈ ચાલુ રહેશે.

૬ માર્ચે પાટીલે મહુવામાં કનુ કલસરિયાની સદભાવના હોસ્પિટલમાં મુલાકાત કરી હતી. બંધ બારણે થયેલી બેઠકમાં આહિર સમાજના આગેવાનો પણ પહોંચ્યા હતા. લોકસાહિત્યકાર માયાભાઈ આહિર પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સી.આર. પાટીલે કનુ કલસરિયાના નિવાસસ્થાને ભોજન પણ લીધુ હતુ. આ બેઠક બાદ જોરશોરથી એવી ચર્ચાઓ હતી કે કનુ કલસરિયા ફરી ભાજપમાં જોડાઈ રહ્યા છે. જો કે કનુ કલસરિયાના આજના નિવેદને એ અટકળો પર પૂર્ણ વિરામ મુકી દીધુ છે.

# મહિલાઓનો મગફળીના ઉત્પાદનો ઉપર તાલીમ મેળવી



જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, કેવીકે, પીપળીયા દ્વારા ૧૬ માર્ચ ૨૦૨૪ ના રોજ "મગફળીના ઉત્પાદનો" પર ખેડૂત મહિલાઓ માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ તાલીમમાં મગફળીની વિવિધ વાનગીઓ જેવી કે ચિક્કી, પીનટ બટર, મસાલા પીનટનું નિદર્શન કરવામાં આવ્યું હતું. મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂત મહિલાઓમાં સ્વરોજગાર માટે ઉદ્યોગ સાહસિક વિચારો પ્રદાન કરવાનો હતો. જેમાં કુલ ૪૦ મહિલાઓ જોડાઈ હતી અને લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડો. મમતા કુમારી, કૃષિ વૈજ્ઞાનિક અને ડો. એ.જે.ભટ્ટ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવીકે પીપળીયા અને આ તાલીમનું આયોજન એએફપ્રો સંસ્થાના વાવેચા નવીનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# • રમઝાન મુબારક •




## ખાદિમ(નૌકર) સાથેનો વ્યવહાર

હઝરત અનસ (રદી.), જે વ્હાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખાદિમ હતાં,કહે છે કે અલ્લાહનાં રસુલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ લોકોમાં સૌથી વધુ સદ્‌ગુણી હતાં, એક દિવસ તેમણે મને કોઈ જરૂરિયાત માટે મોકલ્યો, તો મેં કહ્યુંઃ અલ્લાહની કસમ, હું જઈશ નહિ, તેમ છતાં મારા હૃદયમાં એવું હતું કે અલ્લાહનાં રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ આદેશ આપ્યો છે, તેથી હું ચોક્કસપણે જઈશ. રસ્તામાં કેટલાક છોકરાઓ રમી રહ્યા હતા, હું પણ તેમની સાથે રમતમાં જોડાઈ ગયો. એટલામાં વ્હાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ત્યાં આવી ગયા અને પાછળથી મારી ગરદન પકડી, હું તેમની તરફ વળ્યો, તે હસી રહ્યાં હતા. પછી તેઓએ કહ્યુંઃ ઓ નાના આદમી ! મેં તમને જ્યાંનો આદેશ આપ્યો છે ત્યાં જાઓ. મેં કહ્યુંઃ સારું, હું જાઉં છું.

હઝરત અનસ રદી. કહે છેઃ અલ્લાહની કસમ, મેં સાત વર્ષ કે નવ વર્ષ તેમની સેવા કરી, પરંતુ મને ખબર નથી કે તેમણે મને ક્યારેય પૂછ્યું હોય કે તમે શા માટે કોઈ કીધેલું કામ કર્યું અથવા ન કર્યું. ક્યારેય મારા ઉપર ગુસ્સે નથી થયાં કે તમે આ અને તે કામ કેમ ન કર્યું? ક્યારેય મને ઠપકો નથી આપ્યો. હઝરત અનસ (રદી.)કહે છે કે હું નાનો બાળક હતો, મેં મારા માલિક હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઈચ્છા મુજબ બધું જ નહોતું કર્યું, પરંતુ મેં તેમને ક્યારેય ક્રોધિત થતાં નથી જોયા.

| | |
|---|---|
| રોઝા | - ૯ બુધવાર |
| ઈફ્તાર | - ૭ : ૦૩ |
| રોઝા | - ૧૦ ગુરૂવાર |
| શહેરી | - ૫ : ૩૮ |

## પહેલવાન એ જે ગુસ્સાને પી જાય

અબ્દુલ્લા ઈબ્ને અબ્બાસ રદી. કહે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : પ્રામાણિકતા, ખુશખુશાલીતા અને નમ્રતાએ પયગંબરીનો પચીસમો ભાગ છે. હઝરત મુઆઝ, રદી. કહે છે કે અલ્લાહનાં રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું : જે વ્યક્તિને ગુસ્સો આવે છે પણ તેને પી જશે તો અલ્લાહ તેને કયામતનાં દિવસે બધાની સામે બોલાવશે અને પોતાના પસંદની જાહેરાત કરશે. અબ્દુલ્લા બિન મસૂદ રદી.થી વર્ણન છે કે અલ્લાહનાં રસુલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ કહ્યુંઃ તમે કોને કુસ્તીબાજ માનો છો? લોકોએ કહ્યુંઃ જેને લોકો હરાવી શકતાં નથી, તેણે કહ્યુંઃ ના, પરંતુ કુસ્તીબાજ તે છે જે ગુસ્સે થાય ત્યારે પોતાની જાત પર નિયંત્રણ રાખે. મુઆઝ બિન જબલ એક ઘટના વર્ણવે છે કે, બે લોકોએ પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે દુર્વ્યવહાર કર્યો, અને તેમાંથી એક ખૂબ ગુસ્સે થઈ ગયો, જ્યાં સુધી મને લાગ્યું કે તે ગુસ્સામાં મરી જશે. વ્હાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ કહ્યુંઃ હું એક શબ્દ જાણું છું કે જો તે કહેશે, તો તેની અંદર જે ગુસ્સો છે તે દૂર થઈ જશે. તેણે કહ્યુંઃ તે શું છે અલ્લાહનાં પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! તેમણે કહ્યુંઃ તેને કહેવા દોઃ 'હે અલ્લાહ! હું તારી પાસે શૈતાન મર્દુદથી પનાહ માંગું છું, તેથી મુઆઝે તેને આદેશ આપ્યો, પરંતુ તેણે ઈનકાર કર્યો, અને લડવા લાગ્યો, તેનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો. અલ્લાહના રસૂલ ત્યાંથી જતાં રહ્યાં.

હઝરત અબુઝર રદી. ફરમાવે છે કે અલ્લાહના રસૂલે કહ્યુંઃ જ્યારે તમારામાંથી કોઈ ગુસ્સે થાય અને તે ઊભો હોય, તો તેને બેસી જવું જોઈએ અને તોય ગુસ્સો શાંત ન થાય તો તેને નીચે સૂઈ જવું જોઈએ.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# દિવ્યાંગોને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બનાવશે "SAKSHAM" એપ્લિકેશન

## રાજકોટ જિલ્લાના ૧૪,૯૫૦ દિવ્યાંગ મતદારોને મળશે મતદાર નોંધણી, મતદાન મથક શોધ, આગોતરા વ્હીલચેરના રજિસ્ટ્રેશન સહિતની સુવિધાઓ




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૦

ભારતનું ચૂંટણી પંચ દિવ્યાંગ લોકો (PwDs)ને સુઆયોજિત સેવાઓ પ્રદાન કરીને મતદાર ઓળખ અને નોંધણી પ્રક્રિયાને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધતાપૂર્વક કામ કરી રહ્યું છે. ચૂંટણી પંચની નવી પહેલ અંતર્ગત દિવ્યાંગોને ચૂંટણીલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે "Saksham" એપ્લિકેશન બનાવવામાં આવી છે.દિવ્યાંગોને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બનાવવા માટે "Saksham" એપ એક મૂલ્યવાન સાધન છે. એપ્લિકેશન ઉપયોગમાં સરળ અને સંખ્યાબંધ સુવિધાઓ પ્રદાન કરે છે. "Saksham" એપ દિવ્યાંગોને મતદાન માટે નોંધણી કરાવવાનું, તેમનું મતદાન મથક શોધવાનું અને તેમનો મત આપવાનું સરળ બનાવવામાં મદદરૂપ થાય છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ દિવ્યાંગ મતદારોને તેમની મતદાનની પવિત્ર ફરજ અદા કરવા મતદારો માટે વિવિધ આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં ૯૬૦૧- પુરુષ અને ૫૩૪૯- સ્ત્રી એમ કુલ ૧૪,૯૫૦ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. આ મતદારો માટે રાજકોટ ખાતે ખાસ ૮ દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો પણ બનાવવામાં આવશે. દિવ્યાંગ મતદારો મતદાન મથકે સ્વયંસેવકોની સુવિધા સહિત 'SAKSHAM APP' ના માધ્યમથી એડવાન્સમાં વ્હીલચેરની જરૂરિયાત પણ રજિસ્ટર કરાવી શકશે.

આ એપ્લિકેશનમાં પ્રથમ વખત મતદાન કરનાર દિવ્યાંગએ તેમના રાજ્ય, જિલ્લા અને વિધાનસભા મતવિસ્તાર સાથે તેમનું નામ, સરનામું અને મોબાઈલ નંબર ફીડ કરવાનો રહેશે. જ્યારે નોંધાયેલા મતદારોએ તેમનો EPIC નંબર એપ્લિકેશનમાં નોંધાવવાનો રહેશે. નોંધણી બાદ બૂથ-સ્તરનો અધિકારી અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે ઘરે તેમની મુલાકાત લેશે. તે પછી, મતદાર આઈ.ડી. કાર્ડ તેમના સરનામાં પર મોકલવામાં આવશે, એટલું જ નહીં આ એપ દ્વારા દિવ્યાંગોને મતદાનના દિવસે વ્હીલચેર માટે આગોતરા નોંધણીની સુવિધા પણ આપવામાં આવી છે.


સક્ષમ એપ દ્દષ્ટિની ક્ષતિ ધરાવતા દિવ્યાંગો માટે અવાજ સહાય, સાંભળવાની ક્ષતિ ધરાવતા દિવ્યાંગોને ટેક્સ્ટ-ટુ-સ્પીચની સુવિધા, મતદાન મથકોની માહિતી ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ થાય છે.

આ એપમાં મતદાન મથક પર ઉપલબ્ધ સુવિધાઓ અને મતદાન અધિકારીઓની સંપર્ક વિગતો આપવામાં આવે છે. સાથે જ એપ પર ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતી વખતે દિવ્યાંગોને આવતી કોઈપણ સમસ્યા અંગે ફરિયાદ નોંધાવી શકાય છે.

રાજકોટ જિલ્લાના દિવ્યાંગો આ એપ્લિકેશનઃ એન્ડ્રોઈડ ફોન ધારકો https://play.google.com/stroe/apps/details?id=pwd.eci.com.pwdapp&hl=en_IN&gl=US તથા આઈ.ઓ.એસ. ફોન ધારકો https://apps.apple.com/in/app/saksham-eci/id1497864568 લીંક પરથી ડાઉનલોડ કરી શકશે.

# યાત્રાધામ દ્વારકામાં ફુલડોલ ઉત્સવમાં યાત્રિકોની સગવડતા માટે તંત્રની તડામાર તૈયારી





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૦

યાત્રાધામ દ્વારકામાં હોળી તેમજ ફુલડોલ ઉત્સવ ઉજવવા લાખો ભાવિકો દ્વારકાધીશ જગતમંદિરે દર્શનાર્થે આવનાર હોવાથી સંબંધિત તંત્ર દ્વારા ભક્તોને અગવડતા ન પડે તે માટે તૈયારી ઓનો ધમધમાટ શરૂ કરી દીધો છે. દ્વારકા જગતમંદિર પરીસરમાં ભાવિકોને તડકાથી બચવા મંડપ બંધાયા છે તેમજ ભિડના કારણે ધક્કા મુક્કી ન થાય તે માટે બેરકેટીગો નાખવામાં આવી રહી છે ગયા વર્ષની જેમ ભાવિકો માટે કિર્તીસ્તંભ પાસેથી એન્ટ્રી થઈ સ્વર્ગ દ્વાર છપ્પન સીડીથી જગતમંદિરે દર્શન કરવા જવા માટે પ્રવેશની વ્યવસ્થા રાખવામાં આવી છે મંદિર પરિસર મોક્ષ દ્વારથી મંદિર બહાર નિકળવા માટેની વ્યવસ્થા તંત્ર દ્વારા રાખવામાં આવી છે ફુલડોલ ઉત્સવ નિમિત્તે ભાવિકો કાળિયા ઠાકોરના દર્શન કરી શકે તે માટે તંત્ર દ્વારા વ્યવસ્થાના ભાગરૂપે તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

# ખંભાળિયા નજીક ખાનગી કંપનીના કર્મચારીઓ પર વાહન ચડાવીને હત્યાનો પ્રયાસઃ ત્રણ શખ્સો સામે ફરિયાદ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

ખંભાળિયા નજીક ખાનગી કંપનીના કર્મચારીઓ ઉપર ડમ્પર ચડાવી અને હત્યાના પ્રયાસ સબબ એક અજાણ્યા સહિત ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ પ્રકરણ અંગે ખંભાળિયાના યોગેશ્વરનગર -૧ વિસ્તારમાં રહેતા અને એસ્સાર કંપનીની સિક્યુરિટીમાં ફરજ બજાવતા જુવાનસિંહ બનેસંગ જાડેજા નામના ૪૫ વર્ષના યુવાન દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ફરિયાદી જુવાનસિંહ જાડેજા તેમજ તેમની સાથેના અન્ય કર્મચારીઓ ગત તારીખ ૧૭ મીના રોજ રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યાના સમયે પરોડીયા ગામના વાડી વિસ્તારની સીમમાં તેમની ફરજ પર રહ્યા હતા, ત્યારે આ સ્થળેથી પસાર થતા એક ડમ્પરને તેઓએ હાથના ઈશારાથી અટકાવ્યું હતું. આ ડમ્પર ચલાવતા અજાણ્યા શખ્સએ ડમ્પરમાં બ્રેક મારી હતી. પરંતુ અહીં રહેલા સિક્યુરિટીના જુવાનસિંહ જાડેજા તેમજ અન્ય કર્મચારીઓ ડમ્પર નજીક પહોંચતા તેઓને કચડી નાખી અને મારી નાખવાના ઈરાદાથી તેના પર ડમ્પર ચડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આટલું જ નહીં, ડમ્પરમાં બેઠેલા આરોપી એવા પરોડીયા ગામના રાયદે ડોસલ ગઢવીએ બેઠા બેઠા રાડો પાડી હતી કે "ચડાવી દો બોલેરો ઉપર. આજે તો જાનથી મારી નાખવા છે". તેમ કહી અને ડમ્પરની બારીમાંથી લોખંડનો પાઈપ કાઢી અને મારવાની કોશિશ કરી હતી. આનાથી જીવ બચાવવા માટે ફરિયાદી જુવાનસિંહ તથા અન્ય કર્મચારીઓ એક તરફ કૂદીને તેઓની સિક્યુરિટીની જીપમાં બેસી અને નાસવા જતા અન્ય એક આરોપી એવા પરોડીયા ગામના ભરત રાયદે ગઢવી દ્વારા લાકડાનો ધોકો લઈને "આજે તો જાનથી મારી નાખવા છે"- તેમ કહી અને સિક્યુરિટીના વાહનમાં આગળના ભાગે ધોકા મારી કાચ તોડી નાખી, તેમના વાહનમાં નુકસાની પહોંચાડી હતી. આમ, આરોપીઓ દ્વારા પોતાનું ડમ્પર સિક્યુરિટીની ટી.યુ.વી. ગાડી પર ચડાવવા પ્રયાસ કરી અને કર્મચારીઓને જાનથી મારી નાખવાની કોશિશ કર્યાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી, સિક્યુરિટીની ગાડીમાં ટક્કર મારી અને વ્યાપક નુકસાન પહોંચાડ્યાનું પણ વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે સલાયા મરીન પોલીસે પરોડીયા ગામના રાયદે ડોસલ ગઢવી, ભરત રાયદે ગઢવી અને એક અજાણ્યા શખ્સ સામે આઈ.પી.સી. કલમ ૩૦૭, ૪૨૭, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયા નજીક કારમાં જઈ રહેલા દંપતિ ઉપર હુમલોઃ ત્રણ શખ્સો સામે ફરિયાદ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં આવેલી પાંચવાડી સ્કૂલ પાસે રહેતા નિમેષભાઈ જેન્તીભાઈ કણજારીયા નામના ૨૫ વર્ષના દલવાડી યુવાન તેમના ધર્મપત્ની ક્રિષ્નાબેનને સાથે લઈને તેમને જી.જે. ૧૦ બી.આર. ૬૩૯૯ નંબરની મોટરકારમાં બેસીને જામનગર તરફ જઈ રહ્યા હતા. ત્યારે અત્રેથી આશરે ચાર કિલોમીટર દૂર એક હોટલ પાસે પહોંચતા આ હાઈવે રોડ ક્રોસ કરતી વખતે પોતાની કાર એક બાજુ ઊભી રાખી હતી. તે દરમિયાન આ સ્થળેથી બુલેટ મોટરસાયકલ લઈ નીકળેલા આશિષ ભારવાડીયા નામના યુવાન સાથે જઈ રહેલા અન્ય એક શખ્સે ફરિયાદી નિમેષભાઈની કાર આડે બુલેટ મોટરસાયકલ રાખી દીધું હતું. જેથી નિમેષભાઈએ આરોપીને બુલેટ સાઈડમાં લેવાનો કહેતા ઉશ્કેરાઈને બંને શખ્સોએ તેમની કારના કાચ તોડી, અને બોનેટમાં નુકસાની પહોંચાડી હતી.આ પછી કારની બહાર આવેલા નિમેષભાઈને બંને શખ્સોએ બેફામ માર મારી, જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હતી. આ દરમિયાન ફરિયાદીના પત્ની ક્રિષ્નાબેન પણ વચ્ચે આવતા તેણીને પણ આરોપીઓએ બિભત્સ ગાળો કાઢી, માર મારીને નાસી છૂટ્યા હતા. આ પછી અહીં આવેલા અન્ય ત્રીજા આરોપી કુલદીપ નકુમ દ્વારા પણ તેઓને ગાળો કાઢી, માર માર્યાનું પણ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ બઘડાટીમાં આરોપીઓ દ્વારા મોટરકારમાં રૂપિયા ૬૦,૦૦૦ ની નુકસાની કરી, દંપતીને બેફામ માર મારી, ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું આ ફરિયાદમાં જણાવાયું છે.

આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે નિમેષભાઈ કણજારીયાની ફરિયાદ પરથી એક અજાણ્યા સહિત ત્રણેય શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૪૨૭ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આઠ કિલો ગાંજા સાથે ઝડપાયેલો સલાયાનો શખ્સ એક દિવસના રિમાન્ડ પર

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા સોમવારે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ જાડેજા તથા હેડ કોન્સ્ટેબલ હરદીપસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે જામનગર તરફથી સલાયા આવી રહેલા અને એસ્સાર કંપનીની સિક્યુરિટીમાં નોકરી કરતા અક્રમ રજાક સંઘાર નામના ૨૬ વર્ષના મુસ્લિમ શખ્સને પોલીસે રોયલ ઈનફિલ્ડ મોટર સાયકલ પર નીકળતા અટકાવી, ચેકિંગ કરતા તેની પાસે રહેલા એક થેલામાંથી આશરે ૮ કિલોગ્રામ જેટલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.



આથી પોલીસે રૂપિયા ૭૯,૪૬૦ ની કિંમતનો ગાંજો, રૂપિયા ૧.૨૦ લાખની કિંમતનું હન્ટર મોટરસાયકલ તેમજ રૂપિયા ૨,૦૦૦ ની કિંમતનો એક નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૨,૧૦,૬૧૦ ના મુદ્દામાલ સાથે આરોપી અક્રમ રજાક ઈશા સંઘારની અટકાયત કરી, તેની સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ શખ્સની પૂછપરછમાં સલાયાના એજાજ રજાક સંઘાર, રિઝવાન રજાક સંઘાર અને ખંભાળિયાના બંગલા વાળી વિસ્તારના મૂળ રહીશ જીલ ઉર્ફે જીલિયો કેતનભાઈ વાઘેલા નામના અન્ય ત્રણ શખ્સો પણ તેની સાથે સંડોવાયેલા હોવાનું ખુલવા પામ્યું હતું. રીઢો ગુનેગાર એવો ઝડપાયેલો આરોપી અક્રમ સંઘાર અગાઉ ઘરફોડ ચોરી, લૂંટ, મારામારી અને રાયોટીંગ જેવા ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું પણ વધુમાં જાહેર થયું છે.ઝડપાયેલા આ શખ્સને સલાયા મરીન પોલીસે ગઈકાલે મંગળવારે સાંજે અહીંની અદાલતમાં રજૂ કરી, વિવિધ મુદ્દે બે દિવસના રિમાન્ડની માંગણી કરતા નામદાર અદાલતે આરોપીના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ સમગ્ર કાર્યવાહી અહીંના સી.પી.આઈ. યુ.કે. મકવા, ઈન્ચાર્જ પી.આઈ. પ્રશાંત સિંગરખીયા, એ.એસ.આઈ. રાજભા જાડેજા, હરદેવસિંહ જાડેજા, રણમલભાઈ પરમાર, કિશોરસિંહ જાડેજા, હરદીપસિંહ જાડેજા, પબુભાઈ ગઢવી વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટ : આચારસંહિતાના અમલ માટે ખર્ચ નિરીક્ષણના નોડલ ઓફિસર તરીકે ડી.ઈ.ઓ. નવનાથ ગવ્હાણેને નિયુક્ત કરાયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૦

ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને વિધાનસભા પેટાચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે રાજકોટ સહિત સમગ્ર દેશભરમાં નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયા થાય તે માટે આદર્શ આચાર સંહિતા અમલી બનાવવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આચાર સંહિતાની સુચારૂ અમલવારી માટે વિવિધ નોડલ ઓફિસરની નિમણુંક કરવામાં આવી છે, જેમાં ખર્ચ નિરીક્ષણના નોડલ ઓફિસર તરીકે ડી.ઈ.ઓ.શ્રી નવનાથ ગવ્હાણેને નિયુક્ત કરાયા છે.

ભારતનાં ચૂંટણી પંચ તરફથી ચૂંટણી ખર્ચ માટે નિયુક્ત થનાર ખર્ચના ઓબ્ઝર્વરને મદદરૂપ થવા માટે સરકારના અધિકારીઓ ફાળવવામાં આવે છે, જે અનુસંધાને ડી.ઈ.ઓ.શ્રી રાજકોટ જીલ્લા અંતર્ગત ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૬૮ થી ૭૨ વિધાનસભા મતવિસ્તાર તથા ૧૧ પોરબંદર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૩ થી ૭૫ વિધાનસભા મતવિસ્તાર માટે ખર્ચ નિરીક્ષણના નોડલ ઓફિસર તરીકે જવાબદારી સંભાળશે. વિધાનસભા મતવિસ્તાર દીઠ મદદનીશ ખર્ચ ઓબ્ઝર્વર તરીકે એ.જી. ઓફિસ, કમિશ્નર ઓફ ઈન્કમ ટેક્સ અને જી.એસ.ટી. ઓફીસના શીર્ષ અધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી છે.

ડી.ઈ.ઓ.શ્રીનાં માર્ગદર્શન હેઠળ એકાઉન્ટીંગ ટીમો ખર્ચ અંગેના અહેવાલો અને રીપોર્ટ તૈયાર કરીને ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારનાં રીપોર્ટ રાજકોટ જીલ્લા ચૂંટણી અધિકારીશ્રીને તેમજ ૧૧ પોરબંદર સંસદીય મતવિસ્તારનાં રીપોર્ટ પોરબંદર જિલ્લા કલેકટરશ્રીને મોકલવામાં આવશે. આ કામગીરી ચૂંટણી પરિણામોની જાહેરાત બાદ ૩૭ દિવસ સુધી ચાલુ રહેશે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી સમયે રાજકીય પક્ષો અને ઉમેદવારો વિવિધ રીતે, વિવિધ માધ્યમોનો ઉપયોગ કરીને ચૂંટણી પ્રચાર કરીને મતદારો સુધી પોતાની વાત પહોચાડવા માટે ખર્ચ કરતા હોય છે. કોઈ પણ ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય એ તંદુરસ્ત લોકશાહીની નિશાની છે. આ માટે કેન્દ્રીય ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતા નક્કી કરી છે અને નિયમો બનાવ્યા છે. જે મુજબ, ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા રૂ. ૯૫ લાખ નક્કી કરવામાં આવી છે.

ઉમેદવારો દ્વારા ચૂંટણી લડવા-પ્રચારમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓના ભાવ પણ ચૂંટણી પંચે નક્કી કર્યા છે. જો કોઈ ઉમેદવાર નિર્ધારિત મર્યાદાથી વધુ ખર્ચ કરે તો ગેરલાયક ઠરે છે.

એટલે દરેક ઉમેદવારે મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોય છે. ચૂંટણીમાં કરાતા ખર્ચ પર નજર રાખવા માટે ચૂંટણી પંચ દ્વારા ખર્ચ નિરીક્ષક ટીમ તહેનાત કરવામાં આવતી હોય છે.

# દ્વારકા શહેરમાં હોળી-ધુળેટીના દરમ્યાન વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

કાળીયા ઠાકોર સંગ હોળી, ધુળેટી મનાવવા માટે ઠેર-ઠેરથી ચાલીને યાત્રીકો અહીં આવે છે. ત્યારે ચાલીને દ્વારકા દર્શનાર્થે આવતા પદયાત્રીઓના કારણે દ્વારકા શહેરમાં ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા, ગેર વ્યવસ્થા અટકાવવા તથા સલામતીની દ્દષ્ટિએ તંત્ર દ્વારા આ અંગેનું એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જય માતાજી ૨૬ ના રોજ રાત્રિના આઠ વાગ્યા સુધી દ્વારકા શહેરમાં હાથીગેટથી શ્રી દ્વારકાધીશ મંદિર તરફ, કાનદાસબાપુ આશ્રમથી ભથાણ ચોક - કીર્તિસ્તંભ - દ્વારકાધીશ મંદિર તરફ, મહાજન બજારથી શ્રી દ્વારકાધીશ મંદિર તરફ, બ્રહ્મ કુંડથી શ્રી દ્વારકાધીશ મંદિર તરફ, જોધાભા માણેક ચોકથી શ્રી દ્વારકાધીશ મંદિર પૂર્વ દરવાજા તરફ, ભથાણ ચોકથી શ્રી દ્વારકાધીશ મંદિર પૂર્વ દરવાજા તરફ અને કીર્તિસ્તંભ સર્કલથી શ્રી દ્વારકાધીશ મંદિર પૂર્વ દરવાજા તરફથી ભારે વાહન તમામ કાર, થ્રી વ્હીલ, ટુ વ્હીલરના પ્રવેશ પર, ધિંગેશ્વર મંદિરની સામેની ગલી દ્વારકાધીશ મંદિર તરફ અને શાકમાર્કેટ ચોકથી મહાજન બજાર, નીલકંઠ ચોક, શ્રી દ્વારકાધીશ મંદિર તરફ ભારે વાહનો તમામ કાર, થ્રી વ્હીલરના પ્રવેશ પર તેમજ ઈસ્કોન ગેટથી - ભથાણ ચોક - જોધાભા માણેક ચોક - દ્વારકાધીશ મંદિર તરફ ભારે વાહનો તમામ કાર પોસ્ટ ઓફિસ ચાર રસ્તાથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે, રબારી ગેટ ચાર રસ્તાથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે, હોસ્પિટલ ચાર રસ્તાથી મટુકી ચોક - ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે, સર્કીટ હાઉસ ચાર રસ્તાથી મટુકી ચોક - ભદ્રકાલી ચોક તરફ તથા પ્રીતમ વ્યાયામ તરફ જતા રસ્તે ભારે વાહનો તમામ તેમજ બસના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામું પરવાનગી અપાયેલા વાહનો તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલા સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને લાગુ પડશે નહિ.

**દ્વારકા શહેરમાં પાર્કિંગ અને નો-પાર્કિંગ ઝોન અંગે**

દ્વારકા શહેરમાં ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા પાર્કિંગ-ઝોન અને નો-પાર્કિંગ ઝોન અંગે પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામામાં દ્વારકા શહેરમાં તા. ૨૬ સુધી પૂર્વ દરવાજાથી જોધાભા માણેક અને પૂર્વ દરવાજાથી ભથાણ ચોક, જોધાભા માણેક ચોકથી શિવરાજસિંહ રોડ ઈસ્કોન ગેઈટ સુધી, ત્રણબત્તી ચોકથી મહાજન બજાર ચાર રસ્તા અને ત્રણબત્તી ચોકથી ભદ્રકાલી રોડ સુધી, હોમગાર્ડ ચોકથી ત્રણબત્તી ચોક અને હોમગાર્ડ ચોકથી શાક માર્કેટ ચોક સુધીના તેમજ શાક માર્કેટ ચોકની આજુ – બાજુનો વિસ્તાર ૫૦ મીટરની ત્રિજ્યાના વિસ્તાર તથા એસ.ટી. ડેપોના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તાર તેમજ, કીર્તિસ્તંભ, સુદામા ચોક, ભથાણ ચોક, મટુકી ચોક અને ભદ્રકાલી ચોકની આજુ-બાજુના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારને નો-પાકર્લગ ઝોન તથા હાથી ગેટ, સર્કીટ હાઉસ પાછળનું ખુલ્લું મેદાન, શારદાપીઠ કોલેજનું ખુલ્લું મેદાન, રાજપુત સમાજ વાડી સામે ગોમતી ઘાટનું ખુલ્લું મેદાન અને સ્વામિનારાયણ મંદીરના ગ્રાઉન્ડનું પાછળનું મેદાન, રાવળા તળાવ ગ્રાઉન્ડ ઈસ્કોન ગેટની બાજુમાં, અલખ હોટલની બાજુમાં હાથીગેટની સામે પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

**દ્વારકા શહેરમાં રસ્તાઓ વન-વે પોઈન્ટ જાહેર કરાયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઈ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ દ્વારકામાં કેટલાક “વન-વે પોઈન્ટ” જાહેર કરતું એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

આ જાહેરનામા અંતર્ગત દ્વારકા શહેરમાં જોધાભા માણેક ચોકથી પૂર્વ દરવાજા સુધી અને ભથાણ ચોકથી પૂર્વ દરવાજા સુધીના રસ્તાને તારીખ ૨૬ ના રોજ રાત્રે ૮ વાગ્યા સુધી પ્રવેશબંધી માત્ર એક્ઝિટ (EXIT) એટલે કે, વન-વે ઝોન જાહેર કરવામાં આવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષા પાત્ર થશે તેમ વધુમાં જણાવાયું છે.

## અવસાન નોંધ



**સ્વ. વિઠ્ઠલભાઈ ભગવાનજીભાઈ શીલુ**

(ભેંસાણ નિવાસી હાલ જુનાગઢ)
તા. ૧૮-૩-૨૦૨૪ને સોમવારના
રોજ દુઃખદ અવસાન થયેલ છે.
તેઓ કીરીટભાઈ (નિવૃત તલાટી મંત્રી)
હસમુખભાઈ (નિવૃત ફોરેસ્ટ) ના પિતાશ્રી તેમજ
ચીમનભાઈ (ભેંસાણ)
જેન્તીભાઈ (પૂર્વ મહામંત્રી રાજ્ય શિક્ષક સંઘ)
ના મોટાભાઈ તેમજ જતીન, નિધીબેન,
રક્ષાબેન, કલ્પનાબેનના દાદા થાય છે.

**સદ્‌ગતનું બેસણું**

તા. ૨૧-૩-૨૦૨૪, ગુરૂવાર
સાંજે ૪ થી ૬ કલાકે
રામેશ્વર મંદિર, ગીરીરાજ સોસાયટી જુનાગઢ
ખાતે રાખેલ છે.
લી.
કિરીટભાઈ વી. શીલુ મો. 9426802964
હસમુખભાઈ વી. શીલુ મો. 9925973970

# જૂનાગઢની અનેક શૈક્ષણિક સંસ્થાઓના રસ્તા ઉપર દિશા નિર્દેશ આપતા સાઈનબોર્ડ જોવા મળતા નથી

## શૈક્ષણિક સંસ્થાઓ નજીક ધ્વની પ્રદુષણનો સરેઆમ ભંગ, વાહનની સ્પીડ લીમીટનો ઉલાળીયો, કાયદાની એસીતેસી કરી નિયમોના ભંગ સામે કાર્યવાહી કરવા માંગ




જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ શહેરમાં સંખ્યાબંધ શૈક્ષિણક સંસ્થાઓ આવેલી છે. પરંતુ આ સંસ્થાઓ કંઈ જગ્યાએ આવેલી છે તે અંગેના સાઈન બોર્ડ માર્ગો ઉપર જોવા મળતા નથી. એટલું જ નહીં જે તે શૈક્ષણિક સંસ્થાઓના નજીકના માર્ગો ઉપર પસાર થવા માટે વાહનની લીમિટ બાંધવામાં આવતી હોય છે પરંતુ તેનું જૂનાગઢમાં સરેઆમ ઉલ્લઘંન થઈ રહેલ છે. એટલું જ નહીં જયાં શૈક્ષણિક સંસ્થાઓ હોય જેનો ૧૦૦ મીટરની ત્રીજીયામાં ધ્વની પ્રદુષણ ફેલાવવું તે પણ ગુન્હો બનતો હોય છે ત્યારે જૂનાગઢમાં આ તમામ નિયમોની એસીતેસી કરી નાખવામાં આવી હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે અને આ અંગે તત્કાલ ઘટતી કાર્યવાહી કરવાની માંગણી ઉઠવા પામી છે. મોટા શહેરો અને વિદેશોમાં એક કાયદાની અલગ અમલવારી ખુબજ અસરકારક રીતે થતી હોય છે. ખાસ કરીને જે માર્ગો ઉપર શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોય તેનું સ્થળ દર્શાવતા સાઈનબોર્ડ લાગેલા હોય છે. એટલું જ નહીં જયા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતા હોય ત્યાં અવાજનું પ્રદુષણ ફેલાવવા ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવેલો હોય છે. આ ઉપરાંત જે સ્થળે શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોય ત્યાં ખાસ કરીને કોઈપણ વાહન પસાર થવું હોય તે તેને અમુક લીમીટમાં જ વાહન ચલાવવું પડે છે અને ત્યાં ઝડપની લીમીટ બાંધેલી હોય છે અને જેને કારણે શૈક્ષણિક સંસ્થાઓના વિસ્તારમાં અકસ્માતનો ભય કે ખતરો રહેતો નથી. જૂનાગઢ શહેરને વિકાસની અનેક વાતો કાગળ ઉપર દોરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓ ગલીએ ગલીએ ફુટી નીકળેલી જોવા મળે છે. જૂનાગઢ શહેરમાં જો શૈક્ષણિક સંસ્થાઓ માટેના નિયમો અંગેનો સર્વે કરવામાં આવે તો જૂનાગઢ શહેરમાંથી અપવાદરૂપ શૈક્ષણિક સંસ્થાઓને બાદ કરવામાં આવતા મોટા ભાગની શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણના કોઈ નિયમોજ પાડવામાં આવતા નથી. આજના વર્તમાન યુગમાં વિદ્યાર્થીઓને અનેકલક્ષી શૈક્ષણિકની સાથે ઈતરપ્રવૃતિ પણ કરાવવામાં આવતી હોય છે. વિદ્યાર્થીઓમાં રહેલા ટેલેન્ટને બહાર લાવવા માટે અને તેના કૌશલ્યના વિકાસ માટે સંસ્થાઓ પાસે રમતનું મેદાન પણ હોવું જરૂરી છે. પરંતુ જૂનાગઢમાં ખાટલે મોટી ખોટ છે કે, જૂનાગઢ શહેરમાં અનેક એવી નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ છે ત્યાં સંસ્થાઓ પાસે રમત માટેનું યોગ્ય મેદાન પણ નથી અને આવી અનેક સંસ્થાઓના વિદ્યાર્થીઓ દર વર્ષે બોર્ડમાં ઝળહળતી સફળતા મેળવે છે અને તેની જાહેરતો પણ મસમોટી કરવામાં આવે છે. આવી અનેક સંસ્થાઓ અને સ્કુલો રહેલી છે જો શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચકક્ષાએથી તેનો સર્વે કરવામાં આવે તો ઘણીબધી ક્ષતીઓ બહાર આવે અને સ્કુલોના સંચાલકો સામે કાયદેસર પગલા ભરવા પડે તેવી સ્થિતિ છે. હાલ જે વાત અહીં લખવામાં આવી છે તે ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓનો દિશા નિર્દેશ દર્શાવતા સાઈનબોર્ડ કોઈ સંસ્થાઓના જોવા મળતા નથી. ધ્વની પ્રદુષણના નિયમોનું પાલન થતું નથી તેમજ વાહનો માટેની સ્પીડ લીમટનો પણ આ શૈક્ષણિક સંસ્થાઓ નજીક પસાર થતા વાહન ચાલકો છડેચોક ભંગ કરી રહ્યા છે. તેમ છતાં તેની સામે કોઈ કાર્યવાહી થતી નથી તેવી અનેક ફરીયાદો ઉઠેલી છે.

આગામી નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલા શિક્ષણ વિભાગ દ્વારા શહેરમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓની સર્વે કરી સાઈન બોર્ડ રસ્તા ઉપર, સ્પીડ લીમીટ તેમજ ધ્વની પ્રદુષણનો ભંગ ન થાય તે માટે કડક સુચના આપવામાં આવે અને આ બાબતે તાત્કાલીક પગલા ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### સૌરાષ્ટ્રભૂમિ અહેવાલનો પડઘો

# જોષીપરાના રસ્તા રિપેરીંગનું યુધ્ધના ધોરણે કામ હાથ ધરાતા લોકોને રાહત



**બોર્ડની પરીક્ષા ટાંકણે શૈક્ષણીક સંસ્થાના ગેઈટ પાસે ખોદી નખાયેલા રસ્તાને કારણે વિદ્યાર્થીઓ અને લોકોને પડતી મુશ્કેલી અંગે અહેવાલ રજુ થયા બાદ તંત્રએ કરી તાત્કાલીક કાર્યવાહી**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરના જોષીપરા ફાટકથી લઈ સરદારપરા મેઈન રોડ સુધીનો મુખ્ય માર્ગ ગત રવિવારની મોડી રાત્રે અચાનક તોડી પાડવામાં આવ્યો હતો અને જેને લઈને સોમવારે બોર્ડની પરીક્ષા દેવા માટે જનારા વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. છેલ્લા દોઢેક મહિનાથી રસ્તાનું કોઈને કોઈ કારણસર ખોદકામ થતું જ હોય છે અને જેને કારણે રાહદારીઓ-વાહનચાલકોને પણ ખુબ જ મુશ્કેલી પડી રહી હતી. આ દરમ્યાન ગત રવિવારે રાત્રે ફરીવાર ખોદકામ કરી નાખતા જોષીપરા ફાટકથી લઈ સરદારપરા મેઈન રોડ સુધીના આ માર્ગો ઉપર પસાર થવું અતિ દુષ્કર અને મુશ્કેલ બન્યું હતું. દરમ્યાન જોષીપરા વિસ્તારના લોકો, વિદ્યાર્થીઓ અને વેપારીઓને પડતી મુશ્કેલી અંગે વોર્ડ નં-૪ના નગરસેવક લલીતભાઈ પણસારાએ રજુઆતો કરી તેમજ મિડીયાના મિત્રોને પણ સમગ્ર ઘટનાથી વાકેફ કર્યા હતા અને જેને લઈને ગઈકાલે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર દ્વારા જોષીપરા સરદારપરાના આ રસ્તાના ખોદકામ અંગેનો અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો અને આ અહેવાલનો પડઘો પડયો હોય તેમ તાત્કાલીક અસરથી મનપા દ્વારા કન્યા છાત્રાલય પાસેનો રોડ રિપેર કરી પાઉડર નાખી રોલ ફેરવી અને સરખો કરી નાખવામાં આવ્યો છે. પાણીના કનેકશનો પણ રિપેર કરી નાખેલ છે તેમજ સ્ટ્રીટલાઈટના કેબલની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે અને આ સાથે જ રસ્તાઓનું લેવલીંગ કરી બંને રોડ ચાલું કરી દેવામાં આવેલ છે. મિડીયાના મિત્રોના સહકારથી ૨૪ કલાકમાં જ આ વિસ્તારના લોકો જે ત્રણ મહિનાથી હેરાન થતા હતા જે કામગીરીને તાત્કાલીક પુરી કરી દેવામાં આવી છે અને જેને લઈને આજે લોકોને હેરાનગતી નિવારી શકાય છે અને મિડીયાની જાગૃતાના કારણે આરામથી લોકો આ રસ્તા ઉપરથી પસાર થઈ શકે તેવી સ્થિતિ સર્જાણી છે. આ તકે નગરસેવક લલીતભાઈ પણસારાએ જોષીપરા જનતા વતી પત્રકાર મિત્રો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.
: કોન્ટેક :
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા
કોર્નરનો પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ભેળસેળ સાબીત કરનારને ઈનામ રૂા. ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
(તાજુ માખણ મળશે)
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨